RNI NO. GUJGUJ/2006/16876

અમદાવાદ-જામનગર, રાજકોટ-પાલનપુર અને દીવથી પ્રસિદ્ધ થતું દૈનિક

# ગુજરાત પ્રણામ

Gujarat Pranam (Daily)
દૈનિક
AHMEDABAD
તંત્રી કિરીટ એસ.ત્રિવેદી

જો આપણે નાની વાતોમા રડી પડતા હોઈએ તો હસવા માટે મોટા કારણો શામાટે શોધવા

e-mail : gujaratpranamdaily@yahoo.co.in

વર્ષ : ૧૫ ★ અંક - ૬૧ ★ કિંમત રૂ.૧ ★ તારીખ : ૧૩-૦૩-૨૦૨૦, શુક્રવાર ★ કાર્યાલયઃ શંકર ચેમ્બર્સ, બાટા શોરૂમની સામે, એચ.કે.હાઉસ, આશ્રમ રોડ, અમદાવાદ ★ ફોન : ૨૬૫૮૫૬૫૫ ★ મોઃ ૯૩૨૮૯૯૫૭૧૭★ પાના : ૮

જોખમી કોરોના વાયરસના ભય વચ્ચે શેરબજારમાં ભારે કોહરામની સ્થિતિ

સેંસેક્સ અને નિફ્ટી બંનેમાં ઈન્ટ્રા ડે દરમિયાન ૯ ટકાથી વધુ રેકોર્ડ ઘટાડો

# સેંસેક્સમાં ઈતિહાસનો સૌથી મોટો ૨,૯૧૯ પોઈન્ટનો ઘટાડો

મુંબઈ,તા. ૧૨

શેરબજારમાં આજે કોરોના વાયરસની દહેશત વચ્ચે હાહાકાર મચી ગયો હતો અને શેરબજાર પત્તાના મહેલની જેમ ધરાશાયી થઈ જતા કારોબારી હચમચી ઉઠ્યા હતા. આજે કારોબારના અંતે બીએસઈ સેન્સેક્સ હજુ સુધીના ઈતિહસમાં સૌથી વધુ એક દિવસમાં ઘટીને નીચી સપાટીએ પહોંચ્યો હતો. સેન્સેક્સ ૨૯૧૯ પોઈન્ટ સુધી ઘટીને ૩૨૭૭૮ની નીચી સપાટીએ પહોંચી ગયો હતો. ઈન્ડેક્સ હેવીવેઈટ એચડીએફસી બેંકમાં ૯ ટકાથી વધુનો ઘટાડો થયો હતો. જ્યારે રિલાયન્સ ઈન્ડસ્ટ્રી અને એચડીએફસીમાં ૭ટકાથી વધુનો ઘટાડો થયો હતો. સેંસેક્સને સૌથી નીચી સપાટીએ લઈ જવામાં રિલાયન્સ અને એચડીએફસી તથા અન્યોની મોટી ભૂમિકા રહી હતી. એસબીઆઈ, એક્સિસ બેંક, આઈટીસી, ઓએનજીસીના શેરમાં ૧૩ ટકાથી વધુનો ઘટાડો રહ્યો હતો. બ્રોકર નિફ્ટી ઈન્ડેક્સ ૨૬મી માર્ચ ૨૦૧૮ બાદથી પ્રથમ વખત ૧૦ હજારથી નીચી સપાટીએ પહોંચી ગયો હતો.

નિફ્ટી કારોબારના અંતે ૮૨૫ પોઈન્ટ ઘટીને ૯૬૩૩ની નીચી સપાટીએ રહ્યો હતો. તેમાં ૭.૮૯ ટકા સુધીનો ઘટાડો રહ્યો હતો. તાજેતરમાં ઉંચી સપાટીથી ઈન્ડેક્સ હવે ૨૦ ટકા સુધી ઘટી ગયો છે. તમામ નિફ્ટી સેકટર ઈન્ડેક્સ સેશન દરમિયાન બાવન સપ્તાહની નીચી સપાટીએ પહોંચ્યા હતા. નિફ્ટી-પીએસયુ બેન્ક ઈન્ડેક્સમાં ૧૩ ટકાનો ઘટાડો રહ્યો હતો. બ્રોડર માર્કેટમાં બીએસઈ મિડકેપ ઈન્ડેક્સમાં ઈન્ટ્રા ડે દરમિયાન ૧૧૦૦ પોઈન્ટનો ઘટાડો રહ્યો હતો અને અંતે ૭.૭ ટકા ઘટીને ૧૨૩૮૦ની સપાટીએ રહ્યો હતો. નિફ્ટી સ્મોલકેપ ઈન્ડેક્સમાં ૯ ટકાથી વધુનો ઘટાડો રહ્યો હતો. શેરબજારમાં આજે ઘટાડાનો દોર યથાવત રીતે જરી રહ્યો છે. એક વખતે સેન્સેક્સમાં ૩૨૦૦ પોઈન્ટનો ઘટાડો નોંધાયો હતો. માર્કેટ ટ્રેસ થવાની અસર તમામ ઉપર થઈ હતી. સોમવારના દિવસે સેંસેક્સમાં તેના ઈતિહાસમાં એક દિવસનો સૌથી મોટો ઘટાડો નોંધાયો હતો. સેંસેક્સના ઈતિહાસમાં સૌથી મોટો ઘટાડો નોંધાવવા માટે વિવિધ પરિબળો જવબાદાર દેખાયા હતા. કોરોના વાયરસના ફેલાવવાને લઈને વધી રહેલી દહેશત તથા ક્રૂડ ઓઈલની કિંમતમાં રેકોર્ડ ઘટાડાના પરિણામ સ્વરુપે શેરબજાર સોમવારના દિવસે પણ પત્તાના મહેલની જેમ ધરાશાયી થયું હતું. સોમવારે કારોબારના અંતે સેંસેક્સ ૧૯૪૨ પોઈન્ટ ઘટીને ૩૫૬૩૫ની નીચી સપાટીએ રહ્યો હતો. વૈશ્વિક શેરબજારમાં પણ આજે ગુરૂવારના દિવસે ભારે અફડાતફડીનો માહોલ જોવા મળ્યો હતો. કોરોના વાયરસનો આતંક દિનપ્રતિદિન વધી રહ્યો છે તેની અસર પણ જોવા મળી હતી. સેંસેક્સ ગયા શુક્રવારના દિવસે ૮૯૪ પોઈન્ટ ઘટીને ૩૭૫૭૭ની નીચી સપાટીએ રહ્યો હતો. વૈશ્વિક શેરબજારોમાં પણ આજે અફડાતફડી રહી હતી. કોરોના વાયરસની દહેશત દિનપ્રતિદિન વધી રહી છે જેથી કારોબારીઓ ભારે દહેશતમાં છે. શેરબજારમાં હાલમાં કોરોના વાયરસની અસર સીધી રીતે જોવા મળી રહી છે. જેના લીધે મુડીરોકાણકારો જંગી નાણાં રોકવાના મુડમાં દેખાઈ રહ્યા નથી. સ્થિતિમાં સુધારો થાય તેની રાહ જોવાઈ રહી છે. તે પહેલાના શુક્રવારના દિવસે શેરબજારમાં સેંસેક્સે તેના ઈતિહાસમાં બીજો સૌથી મોટો ઘટાડો કર્યો હતો. એ દિવસે સેંસેક્સમાં ૧૪૪૮ પોઈન્ટનો ઘટાડો થયો હતા. વિદેશી રોકાણકારો હાલમાં વેચવાલીના મુડમાં દેખાઈ રહ્યા છે. આજે સવારના કારોબારમાં તાતા સ્ટીલ, ઓએનજીસી, ટાઈટન તેમજ અન્ય શેરમાં સૌથી વધુ ઘટાડો થયો હતો. કોરોના વાયરસને સત્તાવાર રીતે વૈશ્વિક મહામારી જાહેર કરવામાં આવ્યા બાદ તમામ દેશો પોતાની રીતે આગળ વધી રહ્યા છે. બેન્ચમાર્ક ડાઉ જોન્સમાં ૧૪૦૦ પોઈન્ટથી વધુનો ઘટાડો થયો છે. જેની અસર વચ્ચે એશિયન બજારમાં પણ જોરદાર નિરાશા રહી હતી. આજે બીએસઈમાં કારોબાર દરમિયાન ૨૨૪૩ શેરમાં મંદી રહી હતી. જ્યારે માત્ર ૨૨૪ શેર તેજીમાં રહ્યા હતા. ૧૦૬ શેરમાં યથાસ્થિતિ રહી હતી. બ્રેન્ટ ક્રુડની કિંમતમાં ૫.૭૬ ટકાનો ઘટડો બોલાયો હતો. દલાલ સ્ટ્રીમાં ઘટાડો થવા માટે અન્ય પરિબળો જવાબદાર દેખાયા ન હતા. કારોબારીઓના કહેવા મુજબ વિદેશી ફંડ પ્રવાહમાં વેચવાલી જોવા મળી રહી છે. આંકડા દર્શાવે છે કે નેટ આધાર ઉપર વિદેશી રોકાણકારોએ બુધવારના દિવસે ૩૫૧૫.૩૮ કરોડની કિંમતના ઈક્વિટીનું વેચાણ કર્યું હતું.





## મૂડીરોકાણકારોએ લાખો કરોડ રૂપિયા ગુમાવ્યા

# રોકાણકારોની સંપત્તિ ૧૦ ટ્રિલિયન રૂપિયા સુધી ઘટી

મુંબઈ, તા. ૧૨

શેરબજારમાં આજે ગુરૂવારના દિવસે પણ હાહાકારની સ્થિતી રહી હતી. આજે શેરબજારમાં કોરોના વાયરસની દહેશત વચ્ચે દલાલ સ્ટ્રીટમાં હાલત કફોડી રહી હતી. મૂડીરોકાણકારોએ ૧૦.૯ ટ્રિલિયન રૂપિયા ગુમાવી દીધા હતા. મિનિટોના ગાળામાં જ રોકાણકારોની સંપત્તિમાં અભૂતપૂર્વ ઘટાડો નોંધાઈ ગયો હતો. સ્થિતિમાં છેલ્લે સુધી કોઈ સુધારો થયો ન હતો. હાલમાં રોકણકારો જંગી રકમ ગુમાવી ચુક્યા છે. આજે પણ રોકાણકારોની સંપત્તિમાં ઘટાડો જરી રહ્યો હતો. આજે ૧૦ ટ્રિલિયન રૂપિય સુધી રોકણકારોએ ગુમાવી દીધ હતા. આજના દિવસે પણ કારોબાર શરૂ થતાની સાથે જ અંધાધુંધી ફેલાઈ ગઈ હતી. શેરબજાર પત્તાના મહેલની જેમ ધરાશાયી થતા ચિંતાનુ મોજુ રહ્યુ હતુ. આજે કારોબારીઓએ તીવ્ર મંદી વચ્ચે મિનિટનોના ગાળામાં લાખો કરોડ રૂપિયા ગુમાવી દીધા હતા. મૂડીરોકાણકારોની સંપત્તિ હાલમાં સતત ઘટી રહી છે. ગયા શુક્રવારના દિવસે અને છેલ્લા શુક્રવારના દિવસે પણ મૂડીરોકાણકારોએ જંગી સંપત્તિ ગુમાવી દીધી હતી. કારોબાર શરૂ થતાંની સાથે જ વૈશ્વિક બજારોની અસર વચ્ચે કારોબારીઓ નુકસાનમાં ગરકાવ થયા હતા.

દુનિયાભરના બજારોમાં વેચવાલીનું દબાણ વધી ગયું છે. સ્થાનિક શેરબજારમાં પણ આજે કોહરામની સ્થિતિ રહી હતી. આજે મિનિટના ગાળામા જ કારોબારીઓએ લાખો કરોડ ગુમાવી દીધા હતા. આજે શેરબજારમાં બજારમાં રહેલી સ્થિતિનો અંદાજ આ બાબતથી લગાવી શકાય છે કે, માત્ર મિનિટોમાં જ બીએસઈના રોકાણકારોએ આશરે લાખો કરોડ રૂપિયા ગુમાવી દીધા હતા.

બજારોમાં અંધાધૂંધીની અસર વચ્ચે શેરબજારમં મંદી રહી હતી. મોટાભાગના શેરોમાં અફડાતફડી રહી હતી. શેરબજારમાં ઘટાડા માટે જુદા જુદા પરિબળો રહ્યા હતા. કારોબાર શરૂ થતાની સાથે જ અંધાધુંધી ફેલાઈ ગઈ હતી. બીએસઈ સેન્સેક્સમાં આજે દિવસ દરમિયાન ૨૯૧૯ પોઈન્ટનો ઘટડો રહ્યો હતો. જે બે વર્ષની સૌથી નીચી સપાટી પર સેંસેક્સ પહોંચી જતા અફડતફડી રહી હતી.

નિફ્ટીએ માર્ચ ૨૦૧૮ બાદથી પ્રથમ વખત ૧૦ હજારની મનોવૈજ્ઞાનિક સપાટી ગુમાવી દીધી હતી. ઈન્ટ્રા ડેના કારોબાર દરમિયાન આ ઘટાડો વધારે રહ્યો હતો. વૈશ્વિક શેરબજારમાં આજે ખૂબ ખરાબ હાલત રહી હતી. અમેરિકી પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે યુરોપથી આવતા લોકો પર પ્રતિબંધ મુકી દીધા બાદ વૈશ્વિક બજારો હચમચી ઉઠ્યા હતા. યુરોપિયન શેરબજારમાં ચાર વર્ષની નીચી સપાટી જોવા મળી હતી. સેંસેક્સમાં એક દિવસની સૌથી મોટી મંદી આજે રહી હતી.

## વિદેશના રોકાણકારો જોરદાર વેચવાલીના મૂડમાં દેખાયા

## વિપક્ષ પર અમિત શાહે તેજાબી પ્રહારો કર્યા

# એનપીઆરમાં કોઈની પાસેથી કોઈ કાગળ મંગાશે નહીં

## લોકસભા બાદ રાજ્યસભામાં દિલ્હીમાં કોમી રમખાણોના મુદ્દે ઉગ્ર ચર્ચા બાદ અમિત શાહે પુરી પાડેલી બધી માહિતી



નવી દિલ્હી, તા. ૧૨

દિલ્હી રમખાણને લઈને લોકસભામાં જવાબ આપ્યાના એક દિવસ બાદ કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે આજે રાજ્યસભામાં ચર્ચાનો જવાબ આપ્યો હતો. આ ગાળા દરમિયાન અમિત શાહે ખાતરી આપી હતી કે, તોફાન કરનાર કોઈપણ જાતિ, ધર્મના હશે તો પણ તેમને છોડવામાં આવશે નહીં. અમિત શાહે વિપક્ષી દળો તરફથી મેળવવામાં આવેલી માહિતી અંગે પણ જવાબ આપ્યા હતા. શાહે કહ્યું હતું કે, સીએએ અને એનપીઆરને લઈને વિરોધ પક્ષો ભ્રમ ફેલાવી રહ્યા છે. તેમણે કહ્યું હતું કે, એનપીઆરમાં કોઈની પાસેથી પણ કોઈ કાગળ માંગવામાં આવશે નહીં. સાથે સાથે કોઈને પણ ડી માર્ક પણ કરવામાં આવશે નહીં. તેમણે એમ પણ કહ્યું હતું કે, રમખાણ માટે જવાબદાર લોકો, કાવતરા ઘડનાર લોકો કોઈપણ જાતિ ધર્મના હશે તો તેમને છોડવામાં આવશે નહીં. ૨૫મી ફેબ્રુઆરીથી જ તોફાની તત્વો સામે પગલા લેવાની શરૂઆત થઈ હતી.

દિલ્હી હિંસા પર રાજ્યસભામાં ચર્ચા દરમિયાન કોંગ્રેસે મોદી સરકાર ઉપર આજે જોરદાર પ્રહારો કર્યા હતા. કોંગ્રેસના સાંસદ કપિલ સિબ્બલે વિપક્ષ તરફથી મોરચો સંભાળીને દિલ્હી રમખાણોને લોકોના ઉપર વાયરસ એટેક ગણાવીને રજૂઆત કરી હતી. સિબ્બલે કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ ઉપર પણ પ્રહાર કર્યા હતા. દિલ્હી રમખાણ માટે કેન્દ્ર સરકારને જવાબદરા ઠેરવતા સિબ્બલે કહ્યું હતું કે, હિંસાની પાછળ એક વાયરસ છે. આ વાયરસને ઉશ્કેરણીજનક ભાષણ મારફતે ફેલાવવામાં આવ્યા હતા. ભાષણ આપનાર પર કોઈ પગલા લેવામાં આવ્યા નથી. સિબ્બલ જ્યારે નિવેદન કરી રહ્યા હતા ત્યારે અમિત શાહ પણ હાજર હતા.

સિબ્બલે શાહ ઉપર ટિપ્પણી કરતા કહ્યું હતું કે, તમે લોહ પુરુષ છો. સરદાર પટેલની જગ્યા પર બેઠા છો. પોતાના સરદારનું ધ્યાન રાખવામાં આવે તે જરૂરી છે. સિબ્બલે આક્ષેપ કર્યો હતો કે, દિલ્હી રમખાણોમાં શાંત રહેવા માટે ઉપરથી આદેશ કરાયા હતા. દિલ્હીના રમખાણ વેળા મોદી અને શાહ ટ્રમ્પના સ્વાગતમાં હતા. કેન્દ્ર સરકાર તરફથી આ ગાળા દરમિયાન કોઈ પ્રતિક્રિયા આવી ન હતી.

ગઈકાલે લોકસભામાં પણ જોરદાર ચર્ચા કરવામાં આવી હતી. ત્યારબાદ આજે રાજ્યસભામાં પણ દિલ્હીમાં કોમી હિંસાને લઈને ચર્ચા હાથ ધરવામાં આવી હતી. ગઈકાલની જેમ જ આજે પણ અમિત શાહ ખુબ જ આક્રમક મૂડમાં દેખાયા હતા અને વિરોધ પક્ષો દ્વારા કરવામાં આવેલા તમામ પ્રશ્નોના જવાબો વિગતવારરીતે આપ્યા હતા. સાથે સાથે હિંસા અંગે માહિતી આપી હતી.

# ભારતમાં કોરોના કેસો વધીને ૭૩ થયા

નવી દિલ્હી, તા. ૧૨

ભારતમાં પણ કોરોના વાયરસના કેસોની સંખ્યામાં ચિંતાજનકરીતે વધારો થઈ રહ્યો છે. આ જીવલેણ વાયરસથી અસરગ્રસ્ત લોકોની સંખ્યામાં સતત વધારો થઈ રહ્યો છે. ભારતમાં હવે ૧૨થી વધુ રાજ્યો કોરોના વાયરસના સકંજામાં આવી ચુક્યા છે. આ સંખ્યામાં સતત વધારો થઈ રહ્યો છે. ૧૨ રાજ્યોને આવરી લેતા કોરોના વાયરસના કેસોની સંખ્યા વધીને ૭૩ ઉપર પહોંચી છે. સૌથી વધુ કેરળમાં ૧૭ કેસ સપાટી ઉપર આવી ચુક્યા છે જ્યારે ઉત્તરપ્રદેશમાં ૧૦ અને મહારષ્ટ્રમાં ૧૧ પોઝિટિવ કેસ નોંધાઈ ચુક્યા છે. લડાખમાં ત્રણ કેસ અને દિલ્હીમાં છ કેસ નોંધાઈ ચુક્યા છે. ભારતમાં ભારતીય નાગરિકો જે કોરોના વાયરસના સકંજામાં આવ્યા છે તેમની સંખ્યા ૫૬ છે જ્યારે વિદેશી નાગરિકો જે ભારતમાં છે અને કોરોનાના સકંજામાં આવ્યા છે તેમની સંખ્યા ૧૭ નોંધાઈ છે. ૧૨ રાજ્યોમાં હલત કફોડી બનેલી છે. આંકડાની વાત કરવામાં આવે તો આજની તરીખ સુધી ભારતભરમાં જુદા જુદા વિમાની મથક પર કુલ યાત્રીઓની સ્કીનિંગની સંખ્યા ૧૦૫૭૫૦૬ સુધી પહોંચી છે. આજે દિલ્હી સરકાર દ્વારા કેટલાક મોટા નિર્ણયો કરવામાં આવ્યા હતા. ભારતમાં કોરોના વાયરસના સંદર્ભમાં કેન્દ્રીય આરોગ્યમંત્રી હર્ષવર્ધન દ્વારા આજે માહિતી આપવામાં આવી હતી. તેમણે કહ્યું હતું કે, ૭૩ પૈકી ૧૭ દર્દી વિદેશી છે. આ તમામની સારવાર ચાલી રહી છે. બીજી બાજુ કોરોના વાયરસના લીધે શેરબજારની સાથે સાથે દુનિયાભરના બજારોમાં હાહાકાર મચેલો છે. એમ માનવામાં આવે છે કે કોરોના વાયરસ ઉંચા તપમાનમાં જીવિત રહેવાની સ્થિતિમાં નથી આને હજુ સુધી સમર્થન મળી રહ્યું નથી. કોરાના વાયરસના કારણે વિશ્વના દેશોમાં હાહાકારની સાથે સાથે ભારતમાં પણ કેસોની સંખ્યા હવે ઝડપથી વધવા લાગી ગઈ છે. કેરળ સહિત સમગ્ર દેશમાં હાઈ એલર્ટની જાહેરાત પહેલથી જ કરવામાં આવી છે. દેશમાં સૌથી પ્રભાવિત રાજ્યોમાં કેરળ પ્રથમ છે. અહીં કુલ કેસોની સંખ્યા ૧૭ ઉપર પહોંચી ગઈ છે. સરકાર દ્વારા કેટલાક પગલા લેવામાં આવી રહ્યા છે. જેમાં વાયરસના ફેલાવાને રોકવા માટે મહિનાના અંત સુધી તમામ શૈક્ષણિક સંસ્થાઓ અને સિનેમા હોલને બંધ રાખવા સહિતના કેટલાક નિર્ણય કરવામાં આવી ચુક્યા છે. ભારતમાં કોરોના વાયરસને રોકવા માટે એક પછી એક પગલા લેવામાં આવી રહ્યા છે છતાં પણ ધીમીગતિએ કેસોમાં વધારો થયો છે. દેશભરમાં ૩૦ વિમાની મથકો પર આંતરરાષ્ટ્રીય યાત્રીઓ માટે યુનિવર્સલ સ્ક્રિનિંગની પ્રક્રિયા ચાલી રહી છે. કર્ણાટક, કેરળ, ઉત્તરપ્રદેશ, ગુજરાત સહિતના રાજ્યોમાં તંત્ર સાબદુ થયેલું છે.

## દેશના તમામ લોકોને વધુ સુરક્ષિત રાખવાના હેતુસર મોદીનો નિર્ણય

# કોરોનાને રોકવા દુનિયાથી પોતાને અલગ રાખવાનો ભારતનો નિર્ણય



નવી દિલ્હી,તા. ૧૨

દેશના ૧૨થી વધુ રાજ્યોમાં કોરોના વાયરસના ૭૩થી વધુ કેસ સપાટી ઉપર આવી ચુક્યા છે ત્યારે વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં સરકાર દ્વારા એક પછી એક પગલા લેવાઈ રહ્યા છે જેના ભાગરુપે વધુ એક મોટો નિર્ણય કરીને ભારતે સમગ્ર દુનિયાથી પોતાને અલગ કરવાનો નિર્ણય કર્યો છે. દેશના લોકો બિલકુલ સુરક્ષિત રહે તે હેતુસર આ નિર્ણય કરાયો છે. આ નિર્ણયનો મુખ્ય હેતુ અસરગ્રસ્ત લોકોના સંપર્કને ટાળવાનો રહેલો છે. તમામ નિર્ણયો તાત્કાલિક ધોરણે અમલી કરવામાં આવ્યા છે. આગામી એક મહિના સુધી સમગ્ર દુનિયાથી ભારતે પોતાને અલગ રાખવાનો નિર્ણય કર્યો છે. ઝડપથી ફેલાઈ રહેલા કોરોના વાયરસને રોકવાના હેતુસર ભારત સરકારે હવે વધુ એક મોટો અને સાહસી નિર્ણય કર્યો છે. એક પછી એક અનેક નિર્ણય કરવામાં આવી રહ્યા છે. જેના અમલીકરણના કારણે સ્થિતીમાં સુધારો થઈ રહ્યો છે. હવે ભારત સરકારે આગામી એક મહિના સુધી સમગ્ર દુનિયાથી પોતાને અલગ કરી લેવાનો નિર્ણય કર્યો છે. હેતુ મેનટુ મેન કોન્ટ્રાક્ટના કારણે ફેલાઈ રહેલા વાયરસને કાબુમાં લેવાનો રહેલો છે. ભારત સરકારના નિર્ણય બાદ વિશ્વ આરોગ્ય સંસ્થા દ્વારા કોરોના વાયરસને મહામારી તરીકે જાહેર કરવાનો નિર્ણય કર્યો છે. ભારતીય મુળના લોકો પણ જો પરત ફરી રહ્યા છે તો ૧૪ દિવસ માટે અલગ રીતે રહેવાની જરૂર પડશે. નિર્ણય પર અમલીકરણ શરૂ થતાની સાથે જ ૧૫મી એપ્રિલ સુધી ભારત દુનિયાના દેશોથી અલગ જશે. ગ્રુપ ઓફ મિનિસ્ટર્સની બુધવારના દિવસે બે બેઠકો થઈ હતી. તેનુ નેતૃત્વ કેન્દ્રિય આરોગ્ય પ્રધાન હર્ષવર્ધન દ્વારા કરવામાં આવ્યુ હતુ. ભારત સરકારે હવે દુનિયાના કોઈ પણ દેશથી આવનાર લોકોના વીઝા ૧૫મી એપ્રિલ સુધી સસ્પેન્ડ કરવાનો નિર્ણય કર્યો છે. ભારતમાં એકપછી એક નિર્ણય કરવામાં આવી રહ્યા છે.ભારતમાં કોરોના વાયરસના હજુ સુધી ૬૦ કેસો નોંધાયા છે. કોરોના વાયરસના કારણે વિશ્વના પ્રભાવિત દેશોની સંખ્યા રોકેટગતિથી વધી રહી છે. હાલમાં કુલ ૧૨૪ દેશો કોરોનાના સકંજામાં આવી ગયા છે. એકલા ચીનમાં કુલ કેસોની સંખ્યા ૮૦૭૯૬ ઉપર પહોંચી ગઈ છે. ચીનમાં કુલ મોતનો આંકડો ૩૧૬૯ પર પહોંચી ગયો છે. ચીનમાં ગંભીર રહેલા કેસોની સંખ્યા ૪૨૫૭ ઉપર પહોંચી ગઈ છે. છેલ્લા ૨૪ કલાકમાં ૧૧ લોકોના મોત થઈ ગયા છે. બીજી બાજુ દુનિયાના દેશોમાં કોરોના વાયરસના કુલ કેસ ૧૨૬૩૬૯ ઉપર પહોંચી ગઈ છે. હાલ સ્થિતી સુધરવાના સંકેત નથી. બુધવારે મોડી સાંજે હર્ષવર્ધનના નેતૃત્વમાં કોરોના વાયરસની સમીક્ષાને લઈને બેઠક યોજાઈ હતી.

# રાણા નીકળ્યા શાણા?

પંદર વર્ષ અગાઉ ભારતીય બૅન્કિંગ સેકટરમાં મોટાં સપનાંઓ સાથે આવનારી યસ બૅન્કના હાલ બેહાલ થઈ ગયા છે અને રોકાણકારો લાઈનો લગાવીને ઊભા છે.યસ બૅન્કની દેશમાં ૧૧૦૦થી વધારે શાખાઓ છે અને બૅન્કમાં ૨૧,૦૦૦થી વધારે કર્મચારીઓ કામ કરે છે.બૅન્કની હાલત ખરાબ છે એવા સમાચારો તો પહેલાં આવવા શરૂ થઈ જ ગયા હતા પણ બૅન્કનું બોર્ડ લોકોને ભરોસો આપતું હતું કે એમની થાપણો બૅન્કમાં સુરક્ષિત છે અને બૅન્ક નહીં ડૂબે.હવે રિઝર્વ બૅન્કે બોર્ડને બરખાસ્ત કરી વહીવટદારની નિમણૂક કરી છે અને ગ્રાહકોને પણ પચાસ હજાર રૂપિયા ઉપાડી શકવાની મર્યાદા બાંધી આપી છે. અમુક સંજોગોમાં વધારે રકમ ઉપાડી શકાશે એમ પણ કહેવામાં આવ્યું છે.

અત્યારે યસ બૅન્કની બેહાલી પર એક નામ ચર્ચામા છે અને તે છે રાણા કપૂરનું. રાણા કપૂરની ઈડીના અધિકારીઓ પૂછપરછ કરી રહ્યાં છે.યસ બૅન્કની સ્થાપના રાણા કપૂર અને તેમના સંબંધીઓએ વર્ષ ૨૦૦૩માં કરી હતી.કેટલાંક વર્ષો પહેલાં બૅન્કિંગ ક્ષેત્રમાં એક લાઈન ઘણીવાર બોલાતી, જો તમને કોઈ લૉન નથી આપી રહ્યું તો રાણા કપૂર ચોક્કસ લૉન આપશે.એક દાયકા સુધી આ વાત સાચી પણ પડતી રહી. લોકોને રાણા કપૂરની કાબેલિયત પર ભરોસો હતો.ટાઈમ્સ ઑફ ઈન્ડિયાના અહેવાલમાં યસ બૅન્કના માટે એવું લખવામાં આવ્યું છે કે રાણા કપૂર કોઈપણ જોખમી દેવાદારને લૉન આપતા પહેલાં વિચારતા ન હતા.યસ બૅન્કના સ્થાપક રાણા કપૂર યસ બૅન્કના ડિરેક્ટર અને સીઈઓ રહી ચૂક્યા છે.રાણા કપૂર પોતાની વ્યક્તિગત નેટવર્કિંગ ક્ષમતાનો ઉપયોગ લૉન આપવા અને વસૂલવામાં કરતા હતા. જેના કારણે યસ બૅન્ક બીજી બૅન્કોથી અલગ બની હતી.''કરજ કેવી રીતે વસૂલવું તે રાણા કપૂર પાસેથી શીખો'' એવી વાતો બૅન્કિંગ ક્ષેત્રમાં થતી અને તેમનું ઉદાહરણ આપવામાં આવતું.ત્યાં સુધી કે જ્યારે કિંગફિશર ઍરલાઈનમાં સરકારી બૅન્કોના હજારો કરોડ ડૂબી રહ્યા હતા ત્યારે રાણા કપૂર યસ બૅન્કના પૈસા કેવી રીતે પાછા વસૂલવા તેની તૈયારીમાં લાગેલા હતા અને એમાં એમણે ઘણી સફળતા પણ મેળવી હતી.વર્ષ ૨૦૦૮માં વૈશ્વિક મંદી વચ્ચે અમેરિકા સહિત અનેક દેશોની બૅન્કોની હાલત ખરાબ થઈ રહી હતી ત્યારે પણ રાણા કપૂરે યસ બૅન્કને બચાવી લીધી.૨૦૧૪માં નરેન્દ્ર મોદીની સરકાર સત્તામાં આવી. રાણા કપૂરને નરેન્દ્ર મોદીની નીતિઓના સમર્થક માનવામાં આવે છે.'લાઈવ મિન્ટ'ના અહેવાલ અનુસાર ભારતીય બૅન્કિંગ ઈન્ડસ્ટ્રીમાં ઉદય કોટક બાદ બિલયોનર બનનાર રાણા કપૂર બીજા વ્યક્તિ હતી.ફોર્બ્સના અહેવાલ અનુસાર ૨૦૧૮માં રાણા કપૂરની નેટવર્થ ૧.૩ બિલિયન ડૉલર હતી. એક સમયે યસ બૅન્કનો ૧૧ ટકા હિસ્સો (શૅર) તેમની પાસે હતો.વર્ષ ૨૦૧૮માં યસ બૅન્ક ૪૧ અબજ ડૉલરની સંપત્તિની સાથે ભારતની ચોથા નંબરની સૌથી મોટી બૅન્ક હતી.ફૉર્બ્સની ૨૦૧૭ની ભારતના સૌથી સમૃદ્ધ લોકોની યાદીમાં રાણા કપૂર ૧૦૦માં ક્રમે હતા.રાણા કપૂરે વર્ષ ૨૦૦૩માં પોતાના સાળા અશોક કપૂર અને હરકિરત સિંઘ સાથે મળીને યસ બૅન્કની સ્થાપ્રા કરી હતી.રાણા કપૂરનો જન્મ ૧૯૫૭માં દિલ્હીમાં થયો હતો. તેઓ દિલ્હીની ફ્રૅંક ઍન્ટની પબ્લિક સ્કૂલમાં ભણ્યા હતા અને બાદમાં દિલ્હીની લૅડી શ્રી રામ કૉલેજ ઑફ કોમર્સમાંથી અર્થશાસ્ત્રનો અભ્યાસ કર્યો.એમણે એ પછી અમેરિકાની રુટગર્સ યુનિવર્સિટીમાંથી એમબીએની ડિગ્રી મેળવી હતી.બૅન્ક ઑફ અમેરિકામાં વર્ષ ૧૯૮૦માં તેમણે મૅનેજમૅન્ટ ટ્રેની તરીકે પોતાની કારકિર્દીની શરૂઆત કરી. કપૂરે ૧૯૯૫માં બૅન્ક ઑફ અમેરિકા છોડીને એએનઝેડ ગ્રિન્ડલૅયસ ઈન્વૅસ્ટમેન્ટ બૅન્કમાં જનરલ મૅનેજર અને કન્ટ્રી હેડ તરીકે શરૂઆત કરી. ત્યાં તેઓ ૧૯૯૮ સુધી રહ્યા.ત્યાર બાદ તેમણે રૅબો ઈન્ડિયા ફાઈનાન્સમાં ૧૯૯૮થી ૨૦૦૩ સુધી કંપનીના સીઈઓ અને એમડી તરીકે કામ કર્યું.કપૂરે ૨૦૦૩માં નેધરલૅન્ડની રૅબો બૅન્કને પોતાનો ભાગ વેચી દીધો અને યસ બૅન્ક માટે મૂડી એકઠી કરી.વર્ષ ૨૦૦૩માં પોતે પોતાના સાળા અને બીજા એક ભાગીદાર સાથે મળીને રિઝર્વ બૅન્કની મંજૂરી સાથે યસ બૅન્કની સ્થાપ્રા કરી.ટાઈમ્સ ઑફ ઈન્ડિયાના અહેવાલ અનુસાર યસ બૅન્કનો ૩૦૦ કરોડનો આઈપીઓ સ્ટોક માર્કેટમાં આવ્યો હતો.

રેડિફ ડોટ કોમના અહેવાલ અનુસાર યસ બૅન્કની સ્થાપ્રા અને તેના સંચાલન બદલ રાણા કપૂર અને અશોક કપુરે ૨૦૦૫માં અર્નસ્ટ ઍન્ડ યંગ સ્ટાર્ટ અપ ઑન્ટપ્રેન્યૉર ઑફ ધ યર ઍવોર્ડ જીત્યો હતો.૨૦૦૮માં અશોક કપુર મુંબઈ ઉગ્રવાદી હુમલામાં મૃત્યુ પામતાં રાણા કપૂર યસ બૅન્કના કર્તાહર્તા બની ગયા હતા.'ટાઈમ્સ ઑફ ઈન્ડિયા'ના અહેવાલ અનુસાર તેમણે ઘણાં ઊંચા વ્યાજના દરે જોખમી લોકો અને કંપનીને લૉન આપવાનું શરૂ કરી દીધું હતું. જેના કારણે સાળા અશોક કપુરના પરિવાર સાથે રાણા કપૂરનો ખટરાગ પણ થયો.હફપોસ્ટના અહેવાલ અનુસાર ૨૦૦૮થી ૨૦૧૮ના દસ વર્ષના ગાળામાં રાણા કપૂરના ડિરેક્ટરપદ હેઠળ યસ બૅન્ક મોટી મોટી બૅન્ક તરીકે ઉભરી અને અનેક ઍવૉર્ડ જીત્યા.વર્ષ ૨૦૧૭માં રાણા કપૂર ચર્ચામાં આવ્યા હતા. લાઈવ મિન્ટના અહેવાલ અનુસાર યસ બૅન્કના શૅરમાં ૧૦ દિવસમાં ૧૮.૮ ટકાનો વધારો થતાં કપૂરની નેટવર્થ ૧ બિલિયન ડૉલરે પહોંચી હતી.જોકે, ૨૦૧૮થી રાણા કપૂર માટે ખરાબ સમય શરૂ થઈ ગયો.

ઈન્ડિયન ઍક્સપ્રેસના અહેવાલ અનુસાર યસ બૅન્કે ૨૦૧૬-૧૭માં ૨૦૮૧ કરોડની નૉન પર્ફોમિંગ ઍસેટની જાહેરાત કરી હતી. જોકે, રિઝર્વ બૅન્ક ઑફ ઈન્ડિયાએ ૮,૩૭૮.૮ કરોડ રૂપિયા એનપીએ નોંધી હતી.રાણા કપૂર પાસે ૩૦ જુન, ૨૦૧૮ના દિવસે ૧૦.૭ ટકા શૅર હતા.રિઝર્વ બૅન્ક ઑફ ઈન્ડિયાએ યસ બૅન્કમાં વધતી નૉન પર્ફોમિંગ ઍસેટને અને આ ગેરરીતિઓને ધ્યાનમાં રાખીને રાણા કપૂરને ૩૧ જાન્યુઆરી, ૨૦૧૯એ સીઈઓ અને મૅનેજિંગ ડાયરેક્ટરના પદ પરથી હઠાવી દીધા.રાણા કપૂરે વધારાનો સમય માગ્યો પણ આરબીઆઈએ માગ નકારી કાઢી.રાણા કપૂર સીઈઓ પદેથી ગયા તે પછી ખરાબ સમાચારો આવવા શરૂ થયા.૨૦૧૮-૧૯ના છેલ્લા ત્રૈમાસિક ગાળામાં યસ બૅન્કે ૧૫૦૦ કરોડની ખોટ કરી જેની સ્થાપના પછીની સૌથી મોટી ખોટ હતી.બૅન્કે જાણીજોઈને ખોટ છુપાવી હતી એવો આરોપ પણ લાગ્યો.બીજી તરફ રાણા કપૂર અને તેમનો પરિવાર યસ બૅન્કમાં ભાગીદારી ઓછી કરતો જ જતો હતો. ઑક્ટોબર ૨૦૧૯ સુધીમાં યસ બૅન્કમાં રાણા કપૂર અને પરિવારનો હિસ્સો ફક્ત પોણા પાંચ ટકા રહી ગયો.ઈન્ડિયન એક્સપ્રેસના અહેવાલ અનુસાર રાણા કપૂરે યસ બૅન્કમાંથી ૫૧૦ કરોડનો (૨.૧૬ ટકાનો) હિસ્સો વેચી નાખ્યો હતો. યસ કૅપિટલ ઈન્ડિયા પ્રાઈવેટ લિમિટેડ અને મૉર્ગન ક્રૅડિટ્સ પ્રાઈવેટ લિમિટેડના ૫૧૦.૦૬ કરોડ રૂપિયાનો હિસ્સો પણ વેચી દીધો.તમામ વિદેશી ફંડિગ અને ક્રૅડિટ એજન્સીઓએ યસ બૅન્કનો આઉટલૂક ઘટાડી દીધો અને બૅન્ક નેગૅટિવ લિસ્ટમાં આવી ગઈ. હવે યસ બૅન્ક માટે માર્કેટમાંથી અને વિદેશી રોકાણમાંથી નાણા ઊભા કરવાનું મુશ્કેલ બન્યું.ઑગસ્ટ ૨૦૧૯માં યસ બૅન્કના શૅરની કિંમત ૪૦૪ રૂપિયા હતી જે શુક્રવારે ૫.૬૫ રૂપિયા થઈ ગઈ છે. શૅરના ભાવમાં ૮૫ ટકાનો ઘટાડો થયો અને યસ બૅન્કની માર્કેટ વેલ્યુ ૭૯૪૩ કરોડ રૂપિયા ઘટી ગઈ.અલબત્ત, યસ બૅન્કમાં રાણા કપૂરની ભૂમિકાને સવાલો થઈ રહ્યા છે અને સરકારે તેમને સુરક્ષિત નીકળી જવાની તક આપી તેવો આરોપ મુકાઈ રહ્યો છે.બૅન્કિંગ ઍક્સપર્ટ આલોક જોશીએ બીબીસીને કહ્યું કે, સરકારે રાણા કપૂરને સેફ ઍક્ઝિટની તક આપી કે નહીં તે અલગ વાત છે પરંતુ રાણા કપૂરે પહેલાં યસ બૅન્કના પોતાના શૅર મોંઘા વેચ્યા અને તેઓ કોઈ નુકસાન વિના નીકળી ગયા છે એ દેખાય છે.ઉલ્લેખનીય છે કે રાણા કૂપરે અગાઉ તેમના શૅર વેચવાનો ઈન્કાર કર્યો હતો.આલોક જોશી કહે છે કે રાણા કપુર પર આરોપ હતો કે તમામ કૌભાંડો છતાં તેઓ પોતાના બધા જ પૈસા ઉપાડી શક્યા. હવે તેમના પર કાર્યવાહી થવી જોઈએ.સરકારે તેમને શોધી કાઢવા જોઈએ. જોકે, તેઓ હવે ભારતમાંથી જ મળશે કે નિરવ મોદી થઈ જશે એ પણ એક સવાલ છે.રાણા કપૂર સોશિયલ મીડિયા પર જૂન ૨૦૧૯ પછી દેખાયા નથી. યસ બૅન્કની વર્તમાન સ્થિતિ અંગે તેમના તરફથી કોઈ નિવેદન આવ્યું નથી.



ગુજરાતનાં અમદાવાદ શહેરના સાઈબર ક્રાઈમ ડિપાર્ટમેંટના ડીસીપી ડૉ.રાજદીપસિંહ ઝાલાને દિલ્હી નેશનલ ક્રાઈમ રેકોર્ડ બ્યૂરો દ્વારા ઈ-રક્ષા અવોર્ડથી સન્માનીત કરવામાં આવ્યા છે. નેશનલ ક્રાઈમ રેકોર્ડ બ્યૂરો દ્વારા ક્રાઈમ એન્ડ ક્રિમિનલ ટ્રેકિંગ નેટવર્ક એન્ડ સિસ્ટમ (સીસીટીએનએસ) હેકાથોન અને સાઈબર ક્રાઈમ ચેલેન્જ – ૨૦૨૦ અંતર્ગત સીસીટીએનએસ આઈડિયાથોન અને ઈ-રક્ષા અવોર્ડનું આયોજન કરવામાં આવ્યું હતું. આ ઈ-રક્ષા અવોર્ડમાં અમદાવાદ શહેરના સાયબર ક્રાઈમ ડિપાર્ટમેંટના ડીસીપી ડૉ.રાજદીપસિંહ ઝાલાને પ્રથમ સ્થાન પ્રાપ્ત થયું છે. આ અવોર્ડ તેમને તેમના ઈન્કમ ટેક્સ ફ્રોડ અને આઈઆરયુ ઉપરના કાર્યો માટે આપવામાં આવ્યો છે. દિલ્હી ખાતે ૧૨ માર્ચના રોજ યોજાયેલા નેશનલ ક્રાઈમ રેકોર્ડ્સ બ્યૂરો ઉપમાં સ્થાપના દિવસે આયોજિત કાર્યક્રમમાં ડીસીપી ડૉ.રાજદીપસિંહ ઝાલાને ઈ-રક્ષા અવોર્ડથી સન્માનીત કરાયા.

## કોર્ટેવા એગ્રીસાયન્સે ભારતમાં રાઈસ ફાર્મર્સ માટે ન્યુ બ્રેવન્ટ - બ્રાન્ડ સીડ રજુ કર્યું

ગ્લોબલ એગ્રિકલ્ચર કંપની કોર્ટેવા એગ્રીસાયન્સ (દ્રરૂજીઈઃ ઝ્રફછ)એ કંપનીના વિશ્વસનીય હાઈબ્રિડ સીડ પોર્ટફોલિયોને વધુ વિસ્તરણ કરતાં ભારતના રાઈસ ફાર્મર્સ માટે બ્રેવન્ટન સીડ રેન્જ રજૂ કરી છે. રાજ્યમાં જીએસએફસી એગ્રોટેક્ લિ. મારફત કોર્ટેવા એગ્રીસાયન્સની બ્રેવન્ટન રાઈસ સીડનુ વેચાણ ગુજરાતના ખેડૂતોને વધુ વિશ્વસનીય બનાવશે. રાજ્યમાં રાઈસનુ ઉત્પાદન વધારવા માટે કોર્ટેવા એગ્રીસાયન્સ વધુને વધુ ખેડૂતો સુધી પોતાની બ્રાન્ડની પહોંચ બનાવશે. જે ખેડૂતોને ટોચની ઉચ્ચ ગુણવત્તાયુક્ત હાઈબ્રિડ બિયારણો પૂરા પાડી આવકો વધારશે. કંપનીના સાઉથ એશિયાના મેનેજિંગ ડિરેક્ટર ડો. કેવી સુબ્બારાવે આ અંગે જણાવ્યુ હતુ કે, અમારા બિઝનેસ પાર્ટનર જીએસએફસી સાથે મળી રાઈસના બ્રેવન્ટન સીડ લોન્ચ કરવા બદલ ઉત્સુક છીએ. આગામી વાવણીની સિઝનમાં અને મલ્ટીપલ બ્રાન્ડ અને માધ્યમો મારફત ખેડૂતોને વધુ સારા વિકલ્પો પુરા પાડવા પ્રતિબદ્ધ છીએ. આ નવી બ્રાન્ડ ખરીદ ક્ષમતા અને પાકની જરૂરિયાતોને સંબોધી રહી છે. ગતવર્ષે એપ્રિલમાં કોર્ટેવા એગ્રિસાયન્સે ભારતભરમાં મકાઈના ખેડૂતો માટે બ્રેવન્ટન સીડ બ્રાન્ડનુ સફળ લોન્ચિંગ કર્યા બાદ રાઈસના ખેડૂતોને ઉચ્ચ કક્ષાના સીડ પૂરા પાડવા આ સીડ લોન્ચ કર્યુ છે. આ પહેલ કોર્ટેવાના ૯૦ વર્ષના સીડ ઈનોવેશનના ઈતિહાસમાં નવુ પ્રકરણ ઉમેરે છે. કંપની પાસે સૌથી મોટી મકાઈ માટે રિસર્ચ લાયબ્રેરી છે. જે બિયારણના નવીનીકરણમાં વધારો કરે છે.

## એવને #SpeakOut માટે મહિલાઓને પ્રોત્સાહન આપવા આંતરરાષ્ટ્રીય મહિલા દિવસની ઉજવણી કરી

આ આંતરરાષ્ટ્રીય મહિલા દિવસ પર મહિલાઓની શકિત અને સ્થિતિસ્થાપકતાની ઉજવણી કરતાં વૈશ્વિક બ્યુટી બ્રાન્ડ એવન દ્વારા ઈંજીર્દ્રો કેમ્પેઈન રજૂ કરવામાં આવી છે. આ ઝુંબેશોનો હેતુ એવો સમર્થક સમુદાય બનાવવાનો છે, જ્યાં સ્ત્રીઓને તેમની અંગત સિદ્ધિઓની અસલ ગાથાઓનું આદાનપ્રદાન કરવા માટે પ્રોત્સાહન મળશે. ઘણી બધી સ્ત્રીઓને સાંભળવામાં આવે છે ત્યારે ઘણી બધી સ્ત્રીઓને સાંભળવામાં આવતી નથી. સ્ત્રીઓન પાસે માતા, પુત્રી, વ્યાવસાયિક, બોસ, હોમમેકર, કેરગિવર એમ બધું જ એક જ સમયે ઘણી બધી ભૂમિકાઓ વચ્ચે સંઘર્ષ કરવા સિવાય બીજી કોઈ પસંદગી નથી. ઈંજીર્દ્રો ઝુંબેશનું લક્ષ્ય બધી સ્ત્રીઓને આત્મવિશ્વાસ આપવા અને તેમના અજોડ વાર્તાઓ તેઓ કહી શકે તે માટે ટેકો આપવાની આશા સાથે તેમને વ્યક્ત થવા માટે મંચ આપવાનું છે. એવનમાં સ્ત્રીઓને સશક્ત બનાવવી તે અમારે માટે મુખ્ય મૂલ્યથી પણ ઘણું વધુ છે. અમે સ્ત્રીઓને તેઓ ચાહે તે રીતે જીવન જીવવા માટે આઝાદી અને તેમની ઓળખ વ્યક્ત કરવા માટે ક્ષિતિજ પૂર પૂરી પાડવા માટે વચનબદ્ધ છીએ. અમે બહેતર જીવન અને તેમને સ્વતંત્ર બનાવવા માટે તેમના જીવનને સ્થાપિત કરવા અને પરિવર્તન લાવવા માટે મહિલાઓને સશક્ત બનાવવામાં માનીએ છીએ. આ ઝુંબેશ બધી પાર્શ્વભૂમિની સ્ત્રીઓને તેમની વાર્તાઓનું આદાનપ્રદાન કરવા, પોતાની ઉજવણી કરવા અને અન્યોને પ્રેરિત કરવા મહિલાઓ માટે મંચ બની રહેશે, એમ એવોનના માર્કેટિંગના ડાયરેક્ટર સ્વાતિ જૈને જણાવ્યું હતું.

## ઈક્વિટાસ સ્મોલ ફાઈનાન્સ બેંક લિમિટેડે 'સ્વીપ ઈન સ્વીપ આઉટ' ફિક્સ્ડ ડિપોઝિટ સુવિધા પ્રસ્તુત કરી

મુંબઈ : ૩૧ માર્ચ, ૨૦૧૯ સુધી બેંકિંગ આઉટલેટની સંખ્યાની દ્રષ્ટિએ ભારતમાં સૌથી મોટી સ્મોલ ફાઈનાન્સ બેંક (''એસએફબી'') ઈક્વિટાસ સ્મોલ ફાઈનાન્સ બેંક લિમિટેડ (''બેંક'')એ ઉદ્યોગસાહસિકો, સ્વરોજગારી મેળવતા વ્યાવસાયિકો અને વેપારીઓ માટે 'સ્વીપ ઈન એન્ડ સ્વીપ આઉટ' ફિક્સ્ડ ડિપોઝિટ સાથે કરન્ટ એકાઉન્ટની સુવિધા પ્રસ્તુત કરી છે. ચ૨૪ ટ ૭ કેશ ડિપોઝિટ સુવિધૃ સાથે ગ્રાહકો સ્વીપ ઈન સ્વીપ આઉટ ફિક્સ્ડ ડિપોઝિટ (એફડી) સાથે ફંડ પર વ્યાજ પણ મેળવે છે. ગ્રાહકો તેમની જરૂરિયાતને આધારે ૩ અલગ પ્રોડક્ટ વેરિઅન્ટમાંથી પસંદગી કરી શકે છે. ચઈક્વિટાસ કરન્ટ એકાઉન્ટ અર્ધશહેરી અને ગ્રામીણ શાખાઓમાં ૫૦ ટકા કરમુક્તિ ઓફર કરે છે તથા મેટ્રો અને શહેરી વિસ્તારોમાં મહિલા માલિકી માટે બેલેન્સમાં ૫૦ ટકા માફી આપે છે - ★ચોક્કસ કરન્ટ એકાઉન્ટ વેરિઅન્ટ માટે.

## આઈઓબીએ એના 'આરએસઈટીઆઈ' કાર્યક્રમ દ્વારા વંચિત વર્ગની યુવાન મહિલાઓને પાંખો આપી

ભારતમાં અગ્રણી સરકારી બેંક ઈન્ડિયન ઓવરસીઝ બેંક (આઈઓબી) એના રુરલ સેલ્ફ એમ્પ્લોયમેન્ટ ટ્રેનિંગ ઈન્સ્ટિટ્યૂટ (આરએસઈટીઆઈ – ગ્રામીણ સ્વરોજગ તાલીમ સંસ્થા) કાર્યક્રમ અંતર્ગત હજારો યુવાન મહિલાઓને રોજગારી માટે સક્ષમ બનાવવા તાલીમ આપે છે અને એમને એક યા બીજા ક્ષેત્રમાં રોજગારી મેળવવા માટે કુશળતા પ્રદાન કરે છે. ગ્રામીણ વિકાસ મંત્રાલયના સૂચનો અંતર્ગત બેંકે તમિલનાડુનાં ૧૨ મુખ્ય જિલ્લાઓ – કન્યાકુમારી, કરુર, કોટાગિરી, મયિલાદુથુરાઈ, પેરામ્બલુર, પુડુકોટાઈ, રમાનાથપુરમ, તાંજોર, ત્રિચી, તિરુનેલવેલી, તિરુવરુર અને વિરુદ્ધનગરમાં આરએસઈટીઆઈ સંસ્થાઓ સ્થાપિત કરી છે. આ પહેલ વંચિત યુવાનોને નાણાકીય રીતે સ્વનિર્ભર બનાવવા અને નાણાકીય રીતે સુરક્ષિત જીવન જીવવા વિસ્તૃત તાલીમ પ્રદાન કરશે. આરએસઈટીઆઈનો મૂળભૂત ઉદ્દેશ આ છે: (૧) ગ્રામીણ યુવાનોને નિઃશુલ્ક ભોજન અને રહેવાસની સુવિધા સાથે ટૂંકા ગાળાનાં સઘન સ્વરોજગાર તાલીમ કાર્યક્રમોમાં તાલીમ આપવી, જેથી તેઓ સ્વરોજગારી મેળવવા માટેની પહેલ હાથ ધરી શકે અને તેમના સફળ અતિ નાનાં ઉદ્યોગસાહસોનું સંચાલન કરવા કુશળતા વધારી શકે, (૨) અતિ નાનાં ઉદ્યોગસાહસને ક્રેડિટ લિન્કેજ સહિત વિવિધ પ્રકારનો ટેકો આપવા માટે બે વર્ષ યુવાનોને તાલીમ આપવા વ્યવહારિક સપોર્ટ આપવો.

## ડેટોલ બનેગા સ્વસ્થ ઈન્ડિયા સાથે ૧,૦૦,૦૦૦ મદરસાઓ સુધી હેન્ડવોશની પ્રેક્ટિસ પહોંચાડવા પૈગામ-એ-સેહત અભિયાન શરૂ

સહારનપુર/નવી દિલ્હી : વિશ્વની અગ્રણી કન્ઝ્યુમર હેલ્થ એન્ડ હાયજીન કંપની રેકિટ બેન્કિસરએ સફળતાપૂર્વક એનો ડેટોલ બનેગા સ્વસ્થ ઈન્ડિયા હેન્ડવોશ ડિજિટલ કરિક્યુલમ સફળતાપૂર્વક લોંચ કર્યા પછી આજે ઓલ ઈન્ડિયા ઓર્ગેનાઈઝેશન ઓફ ઈમામ્સ ઓફ મોસ્ક સાથે જોડાણમાં આ પ્રોગ્રામના બીજા તબક્કાની જાહેરાત કરી હતી. પ્રોગ્રામે પ્રથમ તબક્કામાં સંપૂર્ણ સ્વચ્છતા શિક્ષણ કાર્યક્રમ દ્વારા ૧,૦૦,૦૦૦ બાળકોનાં જીવન પર સફળતાપૂર્વક અસર કરી હતી. વિશ્વ આરોગ્ય સંસ્થાનાં જણાવ્યા મુજબ, સ્વચ્છતાની નબળી આદતો પાંચ વર્ષથી ઓછી વયનાં બાળકો વચ્ચે મૃત્યુનું મુખ્ય કારણ ગણાય છે. મહત્ત્વપૂર્ણ બાબત એ છે કે, પ્રાથમિક સંશોધનમાં જાણકારી મળી હતી કે, મદરસાઓમાં બાળકો વચ્ચે હાથ ધોવાની જાણકારી (૫૦ ટકા), વર્તણૂક, પ્રેક્ટિસ (૩૨ ટકા)માં મોટો ફરક છે. આ ઉદ્દેશ સાથે અમારો ઉદ્દેશ બાળકો પર સકારાત્મક અસર ઊભી કરવાનો છે અને અમે બે વર્ષમાં જાણકારીમાંથી વર્તણૂંક તરફનો અમલ ૫૦ ટકાથી વધારીને ૯૦ ટકા કરવા ઈચ્છીએ છીએ. આ પ્રોગ્રામનો હેતુ ગ્રામીણ ભારતમાં વિવિધ વિસ્તારોમાં શાળાનાં બાળકો વચ્ચે સ્વચ્છતા અને સાફસફાઈની જાણકારી પહોંચાડવાનો છે તથા તેમની અંદર સ્વચ્છતા અને સાફસફાઈની શ્રેષ્ઠ આદતોને સ્વાભાવિક બનાવવાનો છે. આ પ્રોગ્રામ બાળકોની પૃષ્ઠભૂમિ, સ્વીકાર્યતા અને હાલનાં શૈક્ષણિક અભ્યાસક્રમને ધ્યાનમાં રાખીને બનાવવામાં આવ્યો છે. બાળકો માટે વીડિયો-આધારિત શૈક્ષણિક કાર્યક્રમ ઉર્દૂ અને હિંદી એમ બંને ભાષાઓમાં ઉપલબ્ધ છે. બીજા તબક્કામાં આ પ્રોગ્રામમાં જાણકારી વધારવામાં આવશે.

## આઈસીઆઈસીઆઈ હોમ ફાઈનાન્સ નિકોલનાં રહેવાસીઓને ઓન સ્પોટ હોમ લોનની મંજૂરી આપશે

અમદાવાદ: આઈસીઆઈસીઆઈ હોમ ફાઈનાન્સ કંપની લિમિટેડે ગુજરાતનાં નિકોલમાં હોમ લોનની ઓન સ્પોટ મંજૂરી ઓફર કરી છે. અમદાવાદનાં રહેવાસીઓ આઈસીઆઈસીઆઈ હોમ ફાઈનાન્સની શાખા શોરૂમ નંબર ૨, પહેલો માળ, શાંતિનિકેતન બિઝનેસ પાર્ક, ગંગોત્રી સર્કલ, નિકોલ, અમદાવાદ – ૩૮૨૩૫૦ની મુલાકાત ૧૩ અને ૧૪ માર્ચ, ૨૦૨૦નાં રોજ લઈ શકે છે અને સ્પોટ મંજૂરીની સુવિધાનો લાભ લઈ શકે છે. ઓન સ્પોટ મંજૂરી મેળવવા માટે ગ્રાહકોએ તેમનું પેન કાર્ડ, આધાર કાર્ડ, ટેક્ષ રિટર્ન અને છેલ્લાં છ મહિનાનું બેંક સ્ટેટમેન્ટ લાવવાની જરૂર પડશે. વળી આવકનાં મર્યાદિત પુરાવા ધરાવતા, પહેલી વાર ઋણ લેવા ઈચ્છતાં ગ્રાહકો અને ઘર કે વ્યવસાયનાં વિસ્તરણ માટે લોનનો લાભ લેવા ઈચ્છતાં ગ્રાહકો પણ ઓન સ્પોટ લોનની મંજૂરી મેળવી શકે છે. કંપનીએ તાજેતરમાં મોર્ગેજ લોન્સનું એક્સપ્રેસ બેલેન્સ ટ્રાન્સફર નામની સુવિધા પ્રસ્તુત કરી છે. પોતાની હાલની લોન (છેલ્લાં ૧૮ મહિના) માટે ઈએમઆઈની નિયમિત ચુકવણી કરનાર તમામ ગ્રાહકો એક્સપ્રેસ બેલેન્સ ટ્રાન્સફરનો લાભ લઈ શકે છે અને તેમની આવકનાં ડોક્યુમેન્ટ રજૂ કર્યા વિના લોનને ટોપ-અપ કરાવી શકે છે. આનો લાભ લેવા ગ્રાહકોએ તેમનું પેન કાર્ડ, આધાર કાર્ડ અને લોનની પુનઃચુકવણીનો ટ્રેક રેકોર્ડ/એકાઉન્ટ સ્ટેટમેન્ટ લાવવાની જ જરૂર છે.

## ભારતીય બાળકો પર્યાપ્ત ઊંઘ લેતા નથીઃ ગોદરેજ ઈન્ટેરિયોનાં Sleep@10 અભ્યાસમાં ખુલાસો

મુંબઈ : ભારતની અગ્રણી મેટ્રેસ્સિસની હેલ્થકેર રેન્જ ગોદરેજ ઈન્ટેરિયો મેટ્રેસ્સિસે વર્લ્ડ સ્લીપ ડે પર એની હેલ્થકેર અવેરનેસ પહેલ જર્ક્ષીજ૧૦ અંતર્ગત મહત્ત્વપૂર્ણ ડેટા જાહેર કર્યો હતો. મેટ્રેસ્સિસ બ્રાન્ડે જાહેર કરેલા નવા ડેટામાં ખુલાસો થયો હતો કે, ૬૭ ટકા ભારતીય બાળકો જાગ્યા પછી થાક અને સુસ્તી અનુભવે છે. આ પરિણામો વર્ષ ૨૦૧૭માં ગોદરેજ ઈન્ટેરિયો મેટ્રેસ્સિસ દ્વારા ગ્રાહકોમાં જાગૃતિ લાવવા માટે શરૂ થયેલી પહેલ,.જર્ક્ષીર્દ્ર૧૦.ર્ષ્ઠ પર સ્લીપ-ઓ-મીટરમાંથી મેળવેલી ઉપયોગી માહિતી પર આધારિત છે. છેલ્લાં ત્રણ વર્ષમાં અભ્યાસમાં દેશમાં બાળકો અને પુખ્તો વચ્ચે ઓછી ઊંઘમાં વધારાનો વધતા ટ્રેન્ડ વિશે જણાવવામાં આવ્યું છે. મોડી રાત્રે સૂવું, વહેલા જાગવું, સૂવાનો અનિયમિત સમય અને ઊંઘમાં ખલેલ – ઊંઘની આ તમામ પેટર્ન સામાન્ય રીતે પુખ્તોમાં જોવા મળે છે, જે હવે બાળકો અને ટીનેજર્સમાં પણ જોવા મળે છે. અભ્યાસમાં જાણકારી મળી હતી કે, ૫૮ ટકાથી વધારે ઉત્તરદાતાઓ ક્યારેય કે ભાગ્યે જ જર્ક્ષીજ૧૦ (૧૦ કલાકની ઊંઘ) લે છે અને આશરે ૩૬ ટકા દરરોજ છ કલાકથી ઓછી ઊંઘ લે છે. હકીકતમાં વધારે ચિંતાજનક બાબત એ છે કે, ફક્ત ૨૦ ટકા ઉત્તરદાતાઓ રાત્રે ૧૦ વાગે સૂઈ જાય છે. આશરે ૪૧ ટકા બાળક ઉત્તરદાતાઓએ ટેલીવિઝન અને ફોન સહિત ''સ્ક્રીન ટાઈમ'' તેમના ઊંઘનાં સમયમાં વિલંબ કરી શકે છે અને ૪૩ ટકા બાળક ઉત્તરદાતાઓએ કહ્યું હતું કે, તેઓ મધરાત પછી સૂવે છે, ત્યારે હેલ્થકેર નિષ્ણાતો સૂવાનો આદર્શ સમય રાત્રે ૧૦ વાગે હોવાની ભલામણ કરે છે.

## સાયન્સ સિટીમાં કોરોના વાયરસ વિષે સમજણ આપતું માહિતીસભર વ્યાખ્યાન યોજાયું



સોશિયલ મીડિયા પર કોરોના વાયરસ વિષેની માહિતીને અંધ બની અનુસરી ગભરાવાની જરૂર નથી. ચેપી રોગોના નિષ્ણાત કન્સલ્ટન્ટ ડૉ સુરભિ મદને ગુરુવારે સાયન્સ સિટી અમદાવાદમાં એમના વ્યાખ્યાન દરમ્યાન જણાવ્યું.

ડૉ સુરભિ મદન ગુજરાત સાયન્સ સિટી અને ગુજરાત કાઉન્સીલ ઓફ સાયન્સ ઍંડ ટેક્નોલૉજી દ્વારા આયોજિત ''કોરોના વાયરસ વિષે સમજણ'' પોપ્યુલર સાયન્સ વ્યાખ્યાનને સંબોધિત કરી રહ્યાં હતાં. ડૉ સુરભિના મતે, આ ડિજિટલ યુગમાં ઈન્ફોર્મેશન ગણતરીની સેકંડમાં વાયરલ થઈ જાય છે ત્યારે લોકો એ વધુ ને વધુ સાવધ રહેવાની જરૂર છે. અને એમને ઉમેર્યું કે કોઈપણ માહિતી પર વિશ્વાસ કરતાં પહેલા એને ક્રોસ ચેક કરવી ખૂબ જ જરૂરી છે. લોકો ગભરાઈને માસ્કના સ્ટોક કરી રહ્યાં છે. અગર તમે કોવિડ-૧૯થી બીમાર (ખાસ કરીને ખાંસી) છો કે કોવિડ-૧૯થી પીડિતની સંભાળ રાખી રહ્યાં છો તો તમારૂ માસ્ક પહેરવું અનિવાર્ય બની જાય છે. માસ્કનો સ્ટોક કરવાથી માસ્કની અછત ઊભી કરે છે, એટ્લે જ બુધ્ધિમત્તાથી માસ્કનો ઉપયોગ કરવો જોઈએ.

અગર તમે સ્વસ્થ છો તો માસ્કનો ઉપયોગ ટાળો. ગભરાશો નહીં, તકેદારી રાખો. જૂજ યુરોપના અને એશિયાના દેશોની વિરુદ્ધ ભારતમાં હજી કોરોના વાયરસ (કોવિડ-૧૯)થી કોઈ કમનસીબ ઘટના બની નથી. ગુજરાતમાં હજી એકપણ કેસ નોંધાયો નથી. અગમચેતી માટે, ડૉ સુરભિએ જણાવ્યું કે, લોકોએ આલ્કોહોલ-યુક્ત હેન્ડ રબ કે સાબુ-પાણીથી હાથ ધોવાની આદત રાખવી જોઈએ. એમને ખાંસતા કે છીંકતા લોકોથી ઓછામાં ઓછું એમ મીટર અંતર રાખવું જોઈએ.

## પરિણીતિ ચોપરા કઈ બોલિવૂડની અભિનેત્રીથી અભિભૂત છે?

ભારતમાં બોલિવૂડ અને સંગીત એ કંઈ ધર્મથી ઓછું નથી, ઝી ટીવી તેના દર્શકો માટે તેના આગામી પ્રાઈમ ટાઈમ ઓફરિંગમાં આ બંને વિશ્વના શ્રેષ્ઠીઓને લાવી રહ્યું છે. ચેનલ તૈયાર છે, તેનો અલગ જ પ્રકારનો મ્યુઝિક કાઉન્ટડાઉન શો લઈને, જેનું નામ છે, 'પ્રો મ્યુઝિક કાઉન્ટડાઉન' જેને હોસ્ટ કરી રહ્યા છે, ભારતના સૌથી શ્રેષ્ઠ આરજે, સોશિયલ મીડિયા પર દબદબો ધરાવતા અને યુટ્યુબ સેન્સેશન- સિદ્ધાર્થ કાનન. આ શોમા બોલિવૂડના હોટેસ્ટ સેલિબ્રિટીની સાથે તેમની કારકીર્દી, રોમાન્સ અને બી-ટાઉનની હચમચાવતી દરેક બાબતોને આવરી લેવાની સાથોસાથ સુપરહિટ ગીતોનો પણ સમાવેશ કરીને પહેલા ક્યારેય જોવા નહીં જોવા મળેલા ચેટ શોના ફોર્મેટમાં દર્શાવવામાં આવશે! આ રવિવાર, દર્શકો બોલિવૂડનના શ્રેષ્ઠ મિત્રોઅને ઓનસ્ક્રીનની સૌથી સુંદર જોડી અર્જુન કપૂર અને પરિનીતિ ચોપરાને કેટલાક રસપ્રદ ઘટસ્ફોટ કરતા જૂઓ. 'સંદીપ ઔર પિન્કી ફરાર'ની આ જોડીએ ૨૦૧૨થી તેમના પ્રવાસનું વર્ણન કર્યું હતું. જ્યારે તેમને તેમની પ્રથમ ફિલ્મ (ઈશકજાદે) સાથે કરી હતી. બંનેએ તેમના પ્રોફેશનલ જીવન, મિત્રતા, તેઓ બંને વચ્ચેના એક જોડાણ સાથોસાથ તેમના વ્યક્તિગત જીવન વિશે પણ નિખાલસ ચર્ચા કરી હતી. જો કે, પરિનીતિ ચોપરાએ બોલિવૂડમાં એક મહિલા પર તેના ક્રશ વિશે જે કહ્યું તે જોવાનું ચુકશો નહીં!''

## ઉદિત નારાયણે પ્યારેલાલ શર્માની સાથે કામ કરવા માટે ૨ વર્ષ સુધી મહેનત કરી

શ્રેષ્ઠ યુવા ગાયકી પ્રતિભાની સાથે રિયાલિટી ટેલિવિઝન પર ૭ સફળ સિઝન સુધી રાજ કર્યા બાદ, ઝી ટીવીનો અત્યંત પ્રસિદ્ધ ગાયકી આધારીત રિયાલિટી શો સા રે ગા મા પા લિટલ ચેમ્પ તૈયાર છે, તેની નવી અદભુત ૮મી સિઝનની સાથે, પાછું આવી ગયું છે. આ નવી સિઝન સાક્ષી બનશે મહાન ભારતીય સંગીતની- અલ્કા યાજ્ઞિક, ઉદિત નારાયણ અને કુમાર સાનુને આવકારવા માટે, એક જજ તરીકે તથા પ્રસિદ્ધ એન્કર મનિષ પૌલને હોસ્ટ તરીકે આવકારવા માટે. આ સપ્તાહને અંતે, દર્શકો માટે એક ટ્રીટ છે, પજેમાં લક્ષ્મીકાંત- પ્યારેલાલના પ્રસિદ્ધ હિટ્સને દર્શાવશે અને અનુભવુ સંગીત નિર્દેશક પ્યારેલાલ શર્મા તેમના પત્નિ સુનિલા શર્મા સાથે સ્ટેજની શોભા વધારશે!જ્યારે જજ અને પ્યારેલાલજીએ તેમની કારકીર્દીના ઘણી ઘટનાઓ વર્ણવી અને દરેકને ભાવુક કરી દીધા, ત્યારે ઉદિત નારાયણે પણ ઈન્ડસ્ટ્રી કર્ટસી પ્યારેલાલજીમાં તેમના મોટા બ્રેક વિશે વાત કરી.

તનિષ્કા સરકારના ડફલી વાલે પરના ઉત્કૃષ્ટ પર્ફોર્મન્સ પછી, ઉદિત નારાયણે જણાવ્યું કે, કઈ રીતે તેઓ લગભગ દરરોજ પ્યારેલાલજીના ઘરની મુલાકાત લેતા હતા, એવી અપેક્ષામાં કે આ મહાન સંગીતકાર તેમને એક મોટો બ્રેક આપશે. તે કહે છે, ''મેં ક્યારેય ન'તું વિચાર્યું કે, હું ક્યારેય પણ સંગીતના ભગવાન એવા પ્યારેલાલજીને મળીશ. ખરેખર તો, લગભગ ૨ વર્ષ સુધી જ્યારે પણ મને સમય મળે ત્યારે હું તેમની ઘરે જતો હતો. અત્યંત વ્યસ્ત હોવા છતા પણ તેઓ શા માટે તું અહીં દરરોજ આવે છે, એવા કોઈપણ પ્રકારના પ્રશ્ન કર્યા વગર આવકારતા હતા. તેમના ઓમ શાંતિ ઓમ, ડફલી વાલે જેવા લગભગ દરેક પ્રસિદ્ધ ગીતો મારી સામે રેકોર્ડ થયા છે અને હું આ મહાન કલાકારોની સામે એક મોટા દરિયામાં રહેલી નાની માછલી જેવો છું.''

ઉદિત નારાયણ વધુમાં ઉમેરે છે, ''રેર્કોર્ડિંગ સ્ટુડિયોમાં એક સારા દિવસે, મેં હિંમત ભેગી કરી અને પ્યારેલાલજીને કહ્યું કે, 'આજે હું તમને છોડવાનો નથી.' તેમને જવાબ આપ્યો 'નહીં છોડતો, હું આજે તારું ગીત સાંભળીશ.' હું ખુબ જ ખુશ થયો અને મેં એક લોકગીત અને એક જૂનુ ગીત ગાયું. મને સાંભળીને તેમને મને કહ્યું કે, 'આ જ મુંબઈ શહેરમાં એક દિવસ તારો પણ આવશે, તેની રાહ જો.' ત્યારબાદ, તેમને મને ઘણી તક આપી, લક્ષ્મીકાંતજીએ પણ મને ખૂબ જ પ્રેમ આપ્યો અને હું ખરેખર તેમનો આભારી છું.'' એ પણ હકિકત છે કે, પ્યારેલાલજીએ અને લક્ષ્મીકાંતજીએ ઘણા પ્રતિભાશાળીઓને ઘણી તકો આપી છે, અને તેમાંના જ એક છે, ઉદિત નારાયણ! અનુભવી કમ્પોઝર પ્યારેલાલ શર્માની સાથે તેમની પત્નિ સુનિલા શર્મા પણ આવ્યા હતા, જે દર્શકો માટે એક ગાલા સમય હતો, જેમાં ૬૦, ૭૦, ૮૦ના દાયકાના ગીતોને માણ્યા,જેઓ અત્યંત પ્રતિભાશાળી લિટલ ચેમ્પ દ્વારા ગાવવામાં આવ્યા હતા.

ઓટ્ટોબુક, જર્મન પ્રોસ્થેટિક કંપની ભારતીય વપરાશકારો માટે

## બાયોનિક પ્રોસ્થેસિસ બનાવવા માટે ઓર્થોપેડિક સર્જન સાથે હાથ મિલાવશે



ઓટોબુક સાથે ઓર્થોપેડિક સર્જન ડો. આદિત્ય ખેમકાએ તાજેતરમાં ભારતમાં બહિષ્કૃત કરાયેલા સક્રિય સામાજિક અને આર્થિક જીવનમાં પાછા લાવવા માટે એક વિક્ષેપજનક, નવીન પ્રક્રિયા તરીકે ઓસ્સોઈન્ટિગ્રેશન ટેકનોલોજીની રજૂઆત કરી હતી. ભારતમાં વિવિધ અપંગતા ધરાવતા વ્યક્તિઓની સંખ્યા મોટી સંખ્યામાં હજારની સંખ્યામાં આશરે ૦.૬૨ વપરાશકારો છે.ઓટોબુકને વૈશ્વિક અંગવિચ્છેદનની સારવાર અને પુનર્વસવાટની જગ્યામાં મેડ-ટેક કુશળતાના તેના ૧૦૦ વર્ષીય ઈતિહાસના પાછળના ભાગમાં ડોક્ટર દ્વારા પસંદ કરવામાં આવ્યો હતો. પહેરવા યોગ્ય માનવ બાયોનિક્સ માટેની તકનીકનો પ્રણેતા, આરોગ્યસંભાળ બહુરાષ્ટ્રીય સંભવિત ગૂંચવણોને રોકતી વખતે ગતિશીલતાની સ્વતંત્રતા પ્રાપ્ત કરવામાં મદદ કરીને તેના ગ્રાહકોના જીવનમાં સુધારણા કરવા પ્રતિબદ્ધ છે. તાજેતરના અનુમાન મુજબ, ભારત લગભગ એક મિલિયન વ્યક્તિઓ છે જેમણે અંગવિચ્છેદનની શસ્ત્રક્રિયા કરાવી છે. પ્રતિબંધિત ગતિશીલતા ઉપરાંત, અંગવિચ્છેદન પણ આવા વ્યક્તિઓને એવા બનાવે છે જેઓ આઘાતથી પીડાય છે જે સામાજિક અને આર્થિક પરાકાષ્ઠા તરફ દોરી જાય છે- જેમાંથી મોટાભાગના નાના વસ્તી વિષયક છે - આ તથ્ય એ તમામ સામાજિક ધારકો - સર્જન, ક્લિનિશિયન, સરકારો, સમાજ - પ્રત્યેક સામાજિક અને આર્થિક જીવનમાં પાછા ફરવાની દિશામાં કામ કરવાની જવાબદારીની સંખ્યામાં દસ ગણો વધારો કરે છે.

Printer, publisher, owner and editor, KIRIT SHANTILAL TRIVEDI, DHARTI PRINTERS : 28/B, Gopalnagar, Near Giriraj Society, Near Sarvodaya School, K.K. Nagar, Ghatlodiya, Ahmedabad-380 061. gujarat published. phone No. 079-26585655, Mo.9328995717
*subject to ahmedabad jurisdiction

# અતૂલ્યા ગંગા મિશન માટે આર્મીના ૧૦૦ નિવૃત્ત સૈનિકોએ બ્યુગલ ફૂંક્યુ

## અમદાવાદના હિરેન પટેલ ગંગાને પુનર્જીવિત કરવાના અભિયાનમાં સામેલ



''દેવી માંથી ગંદકી' - માં ગંગા આજે માત્ર પ્રાર્થના નહીં પણ કાર્ય માટે પોકારી રહી છે. અતુલ્યા ગંગાને મુંડામન પરિક્રમા કહેવામાં આવશે, જે આર્મીના નિવૃત્ત સૈનિકોની એક ટીમ છે તે ગંગાની પ્રાચીન મહત્તાને પુનઃ જીવંત કરવા માટે સમર્પિત છે : વડાપ્રધાન નરેન્દ્ર મોદી સાહેબે તેમની આ મહાન યાત્રા શરૂ કરવા માટેની પ્રેરણા આપી છે તથા તેમને દંડૂકો સોંપવાનો પત્ર : ભારતના ઈતિહાસમાં પ્રથમ વખત મુંડામન ગંગા પરિક્રમા : માં ગંગાને પુનર્જીવિત કરવા માટે જન જાગૃતિ આંદોલન શરૂ કરવા નંદીના કિનારે ૪૭૦૦ કિમીથી વધારે લાંબી પગપાળા યાત્રામાં ૭ મહિના દરમિયાન ૨૦૦થી વધુ જાહેર સભાઓ યોજાશે અને ૫ રાજ્યોના ૨ લાખ શાળાઓના બાળકોમાં આ મુદ્દાને સ્પર્શતી જાગૃતિ લાવવા પ્રયત્ન હાથ ધરવામાં આવશે.

મા ગંગાને પુનર્જીવિત કરવા અને તેને ફરીથી નિર્મળ અને અવિરત બનાવવા માટે, આર્મીના ૧૦૦ દિગ્ગજોની ટુકડીએ 'મુંડામન ગંગા પરિક્રમા' મારફતે એક વિશાળ આંદોલન ચલાવવા માટેની બ્લુપ્રિન્ટ્સ તૈયાર કરી છે. તેઓએ વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીને એક પત્ર લખ્યો હતો, જેમાં દંડક આપીને તેમના આ જનજાગૃતિ આંદોલનનું ઉદ્ઘાટન કરવા અંગે તેમની નિમણૂક કરવાની મંજૂરી માંગી હતી અને જનજાગૃતિ માટેની આ ઝૂંબેશની આગેકૂચ કરાવે. આ આંદોલન માટે સૈન્ય મેડલ મેળવનાર લેફ્ટનન્ટ કર્નલ હેમ લોહુમીની સાથે શ્રીમાન ગોપાલ શર્મા અને કર્નલ મનોજ કેશ્વર (માઈક) આ અતુલ્ય ગંગાની ટીમની આગેવાની કરી રહ્યા છે. તેઓ આગામી અઠવાડિયે કેન્દ્રીય પ્રધાન શ્રી નીતિન ગડકરીને મળશે, જેમાં ગંગા નદીને હરિદ્વાર - ગોમુખથી ગંગાસાગર અને પરત હરિદ્વાર પાછા ફરવાની તેમની સાહસિક યોજના અંગે ચર્ચા કરશે, જેને તેઓ ભારતની પ્રથમ મુડામન પરિક્રમા કહે છે - સંભવતઃ આવા પ્રકારની આ પ્રથમ અને દુનિયામાં એકમાત્ર પહેલ હશે.

તેઓ ગંગા નદીના કિનારે આવેલી ૨ લાખ શાળાઓની મુલાકાત લેવાનું અને પરિક્રમા દરમિયાન ૨૦૦થી વધુ જાહેર સભાઓનું આયોજન કરવાનું વિચારી રહ્યા છે, જેથી ગામજનોને ગંગા અને તેના પુનરુત્થાન પ્રત્યેની જવાબદારી લેવાની પ્રેરણા મળશે - અને તેના બદલામાં તેઓ પોતાનું ભવિષ્ય બચાવી શકશે. આ પદપાત્રાની સાથે, તેઓ નદીમાં પ્રદૂષણના સ્તરની માપણી કરશે અને પરિક્રમા પૂર્ણ થયા પછી એક અંતિમ અહેવાલ બનાવાશે જે પ્રાઈમ મિનિસ્ટરની ઓફિસ અને સંબંધિત મંત્રાલયને સુપરત કરવામાં આવશે. આ આંકડાઓ વર્ષો

વર્ષ ઉપલબ્ધ થશે - એક સ્થળેથી - જેથી દરેક વ્યક્તિ આંકડાઓમાં આવેલા સુધારાઓ ચકાસી શકે - અને તેના બદલામાં આ પ્રોજેક્ટના વિવિધ હિસ્સેદારો દ્વારા ખર્ચવામાં આવતા સંસાધનોની જવાબદારીને નક્કી કરી શકાશે. કર્નલ મીક, જે નિવૃત્ત સૈનિક અને સેલ્ફ-કોનફેસ્ડ બાઈક લવર છે, તેઓ શ્રીમાન વડાપ્રધાન મોદી દ્વારા સોંપવામાં આવનાર દંડકનો સ્વીકાર કરશે, ઈન્ડિયા ગેટથી લંડન સુધી બાઈક ઉપર ટ્રાન્સ-કોંટિનેંટલ જર્નીમાં તેઓ વિવિધ દેશોમાં ગંગાને પુનર્જીવિત કરવા માટેની અતુલ્યા ગંગા પહેલ ગતિશીલ બનાવશે. અતુલ્ય ગંગાના વડપણ હેઠળ યોજાયેલી પ્રથમવાર મુંડામન પરિક્રમા માટેની યોજના છેવટે વર્ષ ૨૦૨૦માં વાસ્તવિકતા બની રહી છે.

# ''ઓએસએચ કોડથી કામદારોની સલામતીનો વ્યાપ વધશે''

ગાંધીનગર : ઓક્યુપેશન સેફ્ટી,હેલ્થ એન્ડ વર્કિંગ કન્ડીશનજ કોડ, ૨૦૧૯ કે જેમાં ફેક્ટરીઓ, ખાણો, કન્સ્ટ્રક્શન ક્ષેત્રના કામદારો તથા અન્ય ૧૩ પાસાંને આવરી લેવાયા છે, થી કામદારોની સલામતીનો વ્યાપ વધશે તેવું શ્રમ અને રોજગાર વિભાગના એક વરિષ્ઠ અધિકારીએ બુધવારે જણાવ્યું હતું. શ્રમ અને રોજગાર વિભાગના અધિક મુખ્ય સચિવ શ્રી વિપુલ મિત્રા જણાવે છે કે ''ઓએસએચ કોડ કામદારોની સલામતી માટેનું એક મોટું કદમ છે. આ કોડ કામ કરવાની ન્યાયી અને માનવીય સ્થિતિ માટેની જોગવાઈઓ ધરાવે છે.

તેમાં આરોગ્ય, સલામતી, કલ્યાણ અને કામદારોની કામ કરવાની સ્થિતિ જેવા વિવિધ પ્રગતિશીલ પરિબળો અને ટેકનોલોજીકલ ફેરફારની બાબતને આવરી લેવામાં આવી છે.'' આ કોડમાં ફેક્ટરીઓ, ખાણો, બાંધકામ અને બાંધકામ ક્ષેત્રના અન્ય કામદારો, અન્ય રાજ્યમાંથી આવતા કામદારો, મોટર ટ્રાન્સપોર્ટ વર્કર્સ અને સેલ્સ પ્રમોશન કર્મચારીઓ તથા અન્ય કર્મચારીઓ માટે ૧૩ કાયદાઓના આવશ્યક પાસાંઓનો સમાવેશ કરવામાં આવ્યો છે. આ જોગવાઈઓ ૧૦ થી વધુ કામદારો કામ કરતા હોય તેવા તમામ સ્થળોને લાગુ પડશે. આ કાયદાના અમલમાં ટેકનોલોજીનો અમલ કરવાની દરખાસ્ત છે. તેનાથી પારદર્શિતા અને જવાબદેહિતા આવશે અને કાયદાનો અસરકારક અમલ થશે. શ્રી મિત્રાએ વધુમાં જણાવ્યું હતું કે ''આ કોડમાં મહિલા કર્મચારીઓ રાત્રી શિફ્ટમાં કામ કરી શકે તેવી દરખાસ્ત છે અને ૧૦ થી વધુ કર્મચારીઓ ધરાવતા સ્થળનું એકજ રજીસ્ટ્રેશન કરાવવાની જોગવાઈ છે. તેમાં ફેક્ટરી, કોન્ટ્રાક્ટ લેબર અને બીડી-સિગાર બનાવતાં એકમોને કોમન લાયસન્સ આપવામાં આવશે અને કોન્ટ્રાક્ટના ધોરણે પાંચ વર્ષ માટે કામદારો રાખવા માટે અખિલ ભારતીય સ્તરે કોમન લાયસન્સ આપવાનૈ પણ દરખાસ્ત છે.''

ઓએસએચ કોડનો ઉદ્દેશ આંતરરાજ્ય કામદારોનો વ્યાપ વિસ્તારીને કામદારો સીધા એકથી બીજા રાજ્યમાં કામ કરી શકે તેવી સુવિધા પૂરી પાડવાનો છે. આ કોડમાં પરિવારની વ્યાખ્યામાં આશ્રિત દાદા-દાદી ને પણ આવરી લેવાયા છે.

# એક સાથે ચાર દુકાનોના તાળા તૂટતાં લોકોમાં રોષઃ પોલીસ પર ઉઠતા સવાલો

સુરત : સુરતના વરાછા વિસ્તારમાં જ્વેલર્સની દુકાનમાં લાખો રૂપિયાની ચોરી અને અન્ય એક જ્વેલર્સના ત્યાં ચોરીના પ્રયાસની ઘટના બાદ ફરી એકવાર તહેવાર ટાણે તસ્કરોએ હાથફેરો કર્યો હતો. એક સાથે ચાર દુકાનોના તાળા તૂટતાં પોલીસ દોડતી થઈ ગઈ હતી. આ સમગ્ર ઘટનામાં સીસીટીવી ફુટેજમાં એક ઈસમ કેદ થઈ ગયો હતો, બનાવ સંદર્ભે પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. સુરતના વરાછા વિસ્તારમાં હાલમાં જ થોડા દિવસ પહેલા લાખો રૂપિયાની ચોરીની ઘટના સામે આવી હતી, અને એ જ ઈસમે અન્ય એક જ્વેલર્સમાં ચોરીનો પ્રયાસ કર્યો હતો. આ ઘટનાઓમાં હજુ આરોપી પોલીસ પકડથી દુર છે. ત્યારે ફરી એકવાર વરાછા વિસ્તારમાં વધુ ચાર દુકાનનાં તાળાં તૂટતાં પોલીસ દોડતી થઈ ગઈ હતી.

## મુકેશ અંબાણીના ૧.૧૧ લાખ કરોડ ડુબી ગયા

# હવે કોરોના વાયરસના ખોફ વચ્ચે રોકાણકારો હચમચ્યા

મુંબઈ, તા. ૧૨

કોરોના વાયરસના ખોફ વચ્ચે રોકાણકારો હચમચી ઉઠ્યા છે. રોકાણકારો સુરક્ષિત રોકાણ તરફ ભાગી રહ્યા છે. જેના પરિણમ સ્વરૂપે શેરમાર્કેટમાં સતત કડાકો બોલાઈ રહ્યો છે. આજે કારોબાર દરમિયાન સેન્સેક્સમાં એક વખતે ૩૨૦૦ પોઈન્ટ સુધીનો ઘટાડો થયો હતો. મોડેથી આંશિક સુધારા સાથે સેન્સેક્સ ૨૯૦૦થી વધુ પોઈન્ટના ઘટાડા સાથે બંધ રહ્યો હતો. માર્કેટ ક્રેશ થવાની અસર દેશના સૌથી અમીર વ્યક્તિ મુકેશ અંબાણી ઉપર પણ થઈ હતી. રિલાયન્સના શેર આજે બાવન સપ્તાહની નીચી સપાટીએ પહોંચ્યા હતા. રિલાયન્સના શેરની કિંમત આજે ૧૦૬૩ના આંકડા પર બંધ થઈ હતી. કારોબાર દરમ્યાન એક વખતે રિલયન્સના શેરની કિંમત ૧૦૪૮ની નીચી સપાટીએ પહોંચી ગઈ હતી. ૨૭મી ડિસેમ્બર ૨૦૧૯ બાદથી ભારે અફડાતફડી રહી છે. ૨૦૧૯ના વર્ષના છેલ્લા કારોબારી સેશનમાં રિલાયન્સના શેરની કિંમત ૧૫૩૭ રૂપિયા હતી. છેલ્લા ૭૦ દિવસના ગાળામાં શેરની કિંમત ૧૦૬૩ સુધી નીચે પહોંચી ગઈ છે. એક શેરની કિંમત ૪૭૫ રૂપિયા ઘટી ગઈ છે. કોરોના અને અન્ય કારણોસર રિલાયન્સના શેરમાં આશરે ૨૦ ટકા સુધીનો ઘટાડો થઈ ચુક્યો છે. શેરબજારમાં હાહાકાર વચ્ચે મુકેશ અંબાણીની સંપત્તિને ભારે નુકસાન થયું છે. તેમની સંપત્તિ ૧૫.૨૦ અબજ ડોલર અથવા તો ૧.૧૧ લાખ કરોડ થઈ ગઈ છે. જેના પરિણામ સ્વરૂપે એશિયાના સૌથી અમીર વ્યક્તિ તરીકેનો તાજ પણ નીકળી ગયો છે. હવે ફરી એકવાર અલીબાબના ચેરમેન જેકમા એશિયાના સૌથી અમીર વ્યક્તિ બની ગયા છે. બીજી બાજુ આગમી એક વર્ષમાં અફડાતફડી વચ્ચે ગ્લોબલ બ્રોકરેજ કંપની દ્વારા જણાવાયું છે કે રિલાયન્સમાં રોકાણ સારી બાબત છે.

## રિલાયન્સ શેરમાં ૭૦ દિવસમાં ૪૭૫ રૂપિયાનો ઘટાડો

# વર્ષોવર્ષ સારી ઊંઘ વૈભવી સુવિધા બની રહી છે, વર્લ્ડ સ્લીપ ડેના રોજ સેન્ચ્યુરી-વેવમેકર સ્લીપ સરવેમાં જણાયું હતું કે અમદાવાદમાં ઊંઘના સરેરાશ કલાક ઘટ્યા છે

અમદાવાદ, માર્ચ ૨૦૨૦ : તમારી ઊંઘ કેટલી મહત્વની છે? આજે વર્લ્ડ સ્લીપ ડે (૧૩મી માર્ચ, ૨૦૨૦)ના રોજ તમે કોઈને પણ પૂછશો, પછી તે શહેરમાં હોય કે ગામડામાં અથવા યુવાન હોય કે આધેડ, તો તમે એમ જ સાંભળશો કે તમારા સ્વાસ્થ્ય માટે ઊંઘ ખૂબ જ આવશ્યક છે. જોકે, આ સમજ છતાં શું આપણે પર્યાપ્ત ઊંઘ અથવા શાંતિપૂર્ણ ઊંઘ લઈએ છીએ? અમદાવાદ, પૂણે, હૈદરાબાદ, બેંગાલુરુ, ચેન્નઈ, કોચી, ભુવનેશ્વર, ઈન્દોર, વિશાખાપટનમ અને રાયપુર સહિત દેશના ૧૦ શહેરોમાં આ સવાલ પૂછવામાં આવતાં તેમનો જવાબ 'ના' હતો. સેન્ચ્યુરી મેટ્રેસીસ અને વેવમેકરે વિવિધ શહેરોમાં ઊંઘ અને અન્ય મુદ્દાઓને સમજવા, એટીટ્યુડ, ધારણા અને વર્તન સમજવા માટે 'વધુ સારી ઊંઘની શોધ, ૨૦૨૦' સરવે હાથ ધર્યો હતો. આ સરવેમાં જણાયું હતું કે વર્ષોવર્ષ માત્ર સમયગાળો જ નહીં, પરંતુ ઊંઘની ગુણવત્તા અને વ્યગ્રતા તરફ દોરી જતાં વિવિધ પરીબળો ચિંતાજનક બાબત છે. આ સરવેની વિગતો જાહેર કરતાં સેન્ચ્યુરી મેટ્રેસીસના એક્ઝિક્યુટીવ ડિરેક્ટર શ્રી ઉત્તમ માલાણીએ જણાવ્યું હતું કે, 'આ ડેટા સૂચવે છે કે સારા સ્વાસ્થ્ય માટે પૂરતી ઊંઘ લેવી ખૂબ જ મહત્વનું હોવાનું જાણતા હોવા છતાં લોકો ગુણવત્તાપૂર્ણ ઊંઘ લઈ શકતા નથી. વિવિધ પરિબળોના કારણે લોકો સારી અને ગુણવત્તાપૂર્ણ ઊંઘ લઈ શકતા નથી. આપણે ઊંઘને ગંભીરતાપૂર્વક લેવી હોય અને નબળી ઊંઘના સામાજિક અને ભાવનાત્મક પાસાઓ પર ધ્યાન આપવું હોય તો આપણે એ દર્શાવવું જોઈએ કે આપણે સરળ અને અર્થપૂર્ણ રીતે આ સમસ્યાનો ઉકેલ લાવી શકીએ છીએ. ભારતમાં સ્લીપ સ્પેશિયાલિસ્ટ તરીકે સેન્ચ્યુરી આ સરવે સાથે લોકોમાં સારી અને ગુણવત્તાપૂર્ણ ઊંઘ અંગે જાગૃતિ ફેલાવવા માગે છે અને તે સખત મહેનતુ ભારતીયોને ઊંઘના પરવડે તેવા અને સરળ ઉકેલો પૂરા પાડવા માગે છે.'

# કિડની દાનમાં લિંગ પૂર્વગ્રહ પ્રચલિત છે, દાતાઓ મહિલા કરતાં પુરૂષને પ્રાથમિકતા આપે છે

અમદાવાદ :શ્રીમતી જીઆર દોશી અને શ્રીમતી કેએમ મેહતા ઈન્સ્ટિટ્યુટ ઑફ કિડની ડિસીઝ એન્ડ રિસર્ચ સેન્ટર (આઈકેડીઆરસી)એકિડની અને તેની સાથે સંબંધિત રોગોના નિવારણ, નિદાન, પુનર્વસન અને સારવારમાં વિશેષતા ધરાવતા દેશના તૃતીય અગ્રણી તબીબી વિશેષતા કેન્દ્રએ આજે વર્લ્ડ કિડની ડે ૨૦૨૦ની ઉજવણી કરી હતી. આ વર્ષની થીમ, 'દરેક જગ્યાએ દરેક માટે કિડની આરોગ્ય- કાળજી માટે તપાસથી સમાનતા સુધી નિવારણ', જે ક્રોનિક કિડની ડિસીઝ અને નિવારણ માટેના જોખમી પરિબળોની માન્યતા પર કેન્દ્રિત છે. કેમ્પસ ખાતે વિશ્વ કિડની દિવસ ૨૦૨૦ની ઉજવણીની સાથે આઈકેડીઆરસીએ જાગૃતિ અભિયાન પણ શરૂ કર્યું હતુ. કિડની રોગએ નોન-કમ્યુનિકેબલ ડિસીઝ (એનસીડી) છે અને હાલમાં તે વિશ્વભરના આશરે ૮૫૦ મિલિયન લોકોને અસર કરે છે. દસ પુખ્ત વયના લોકો પૈકી એકને ક્રોનિક કિડની ડિસીઝ (સીકેડી) હોય છે. ક્રોનિક કિડની ડિસીઝ થવા પાછળ હાયપરટેન્શન, ડાયાબિટીસ, સ્થૂળતા, ધુમ્રપાન અને દર્દ નિવારક દવાઓનો વધુ પડતો ઉપયોગ મુખ્ય કારણો છે. પુખ્ય વયની ૮થી ૧૦% વસ્તી કિડની ક્ષતિના કેટલાંક રૂપ ધરાવે છે અને દર વર્ષે ક્રોનિક કિડની ડિસીઝ (સીકેડી) સંબંધિત જટિલતાઓથી લાખો લોકો અકાળે મૃત્યુ પામે છે.

# મહારાષ્ટ્રમાં દર્શકો વિના આઈપીએલની મેચો રમાશેઃ ઉદ્ધવ કેબિનેટની મંજૂરી

મુંબઈ : મહારાષ્ટ્ર કેબિનેટે આવનારી આઈપીએલની ૧૩મી સીઝનની મેચો માટે મંજૂરી આપી દીધી છે. પણ દર્શકો વિના. કોરોના વાયરસને ફેલાવવાથી રોકવા માટે કેબિનેટે આ નિર્ણય લીધો છે. એવો નિર્ણય લેવામાં આવ્યો છે કે મુંબઈમાં IPLની દરેક મેચો દર્શકો વિના યોજાશે. આ પ્રપોઝલ પર સ્ટેટ મિટીંગની કેબિનેટમાં ચર્ચા થઈ છે. આશા છે કે સરકાર ટૂંક સમયમાં તેને લઈને વિધાનસભામાં નિવેદન બહાર પાડશે. આઈપીએલની પહેલી મેચ ૨૯ માર્ચના રોજ મુંબઈમાં વાનખેડે સ્ટેડિયમમાં રમાવાની છે. મહારાષ્ટ્રમાં કોવિડ-૧૯ વાયરસના ૫ મામલાની પુષ્ટિ થઈ છે. જેને લઈને સરકારે આઈપીએલને લઈ ચર્ચા કરી છે. મહારાષ્ટ્રના વરિષ્ઠ નેતાએ કહ્યું કે, અમે કોરોના વાયરસને કારણે દરેક રીતની સાવચેતી રાખી રહ્યા છે. અમે નિર્ણય લીધો છે કે રાજ્યમાં હવેથી કોઈ પણ મોટી સંખ્યામાં લોકોને ભેગા કરવાની પરવાનગી આપવામાં આવશે નહીં. તેની સાથે જ અમારી લોકોને અપીલ છે કે તેઓ ભીડવાળી જગ્યાએ જાય નહીં. કેબિનેટ મીટિંગમાં આઈપીએલ બાબતે ચર્ચા થઈ અને સાથે જ નિર્ણય લેવામાં આવ્યો છે, આઈપીએલ ટૂર્નામેન્ટને ત્યારે જ પરવાનગી મળશે જ્યારે દર્શકોને ટિકિટ વેચવામાં આવશે નહીં.

## સેવિંગ અકાઉન્ટમાંથી ન્યૂનત્તમ બેલેન્સની મર્યાદા હટાવી

# એસબીઆઈ ગ્રાહકોને મોટો ફટકો એફડીના વ્યાજદરમાં ઘટાડો

મુંબઈ : એસબીઆઈના ખાતાધારકો માટે એક ખુશીના સમાચાર આવ્યા છે. બેંકે સેવિંગ બેંક અકાઉન્ટમાં રાખવા પડતા ન્યૂનતમ અકાઉન્ટ બેલેન્સની મર્યાદા હટાવી છે. દેશની સૌથી મોટી બેંકે, બચત ખાતાની ન્યૂનતમ જમા રકમની મર્યાદા દૂર કરી છે. અત્યારે એસબીઆઈના દરેક બચતખાતાધારકોએ તેમના વિસ્તાર પ્રમાણે ખાતામાં અમુક ચોક્કસ રકમ રાખવી ફરજિયાત છે,જો ખાતામાં બેલેન્સ આ લઘુત્તમ મર્યાદા કરતા ઓછું જાય તો પેનલ્ટી ચૂકવવી પડે છે.૧લી એપ્રિલ, ૨૦૧૮થી અર્બન અને મેટ્રો શહેરોમાં એસબીઆઈ ખાતાધારકે ઓછામાં ઓછું ૩૦૦૦ રૂપિયા બેલેન્સ રાખવું પડતું હતુ,જે મર્યાદા આજે બેંકે દૂર કરી છે. આ સિવાય બધા જ સેવિંગખાતા પર વ્યાજનો દર ઘટાડીને ૩% કરવાનો નિર્ણય કર્યો છે. છેલ્લા ચાર મહિનાથી દેશના બેંકિંગ સિસ્ટમમાં પુરતી લિક્વિડિટી છે પરંતુ, કોઈ વધુ ધિરાણ લેવા બેંકો પાસે નથી જઈ રહ્યું તેથી બેંકે ખાતાધારકોને જમા રકમ પર વધુને વધુ વ્યાજ ચૂકવવું પડે છે. સામે પક્ષે એસબીઆઈના આ પગલાં દ્વારા સરાકર બજારમાં તપાસવા માંગે છે કે લોકો ધિરાણ લેવા નથી ઈચ્છતા કે પછી લોકોમાં ખરીદશક્તિનો અભાવ છે.સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયાએ ખાતાધારકો પાસેથી ત્રિમાસિકધોરણે લેવાતા એસએમએસ ચાર્જ પણ આજથી રદ કર્યા છે.

# સાબરતી જેલમાં પોલીસકર્મીએ અંડરવેયરમાં છૂપાવેલી ૧૧ તમાકુની પડીકીઓ ઝડપાઈ

અમદાવાદ : સાબરમતી સેન્ટ્રલ જેલમાં ફરજ બજાવતાં પોલીસ કર્મચારીઓ જ કેદીને જેલમાં પ્રતિબંધિત વસ્તુઓ પોહચાડતા હોય છે. જેલસહાયક તરીકે ફરજ બજાવતાં રૂતેશ ચૌધરી પાસેથી તમાકુની ૧૧ પડીકીઓ મળી આવી હતી. જે મામલે રાણીપ પોલીસ સ્ટેશનમાં જેલ સહાયક રૂતેશ સામે ગુનો નોંધવામાં આવ્યો છે. સાબરમતી જેલના જેલર ગ્રુપર ને માહિતી મળી હતી.

જેલના મેઈન ગેટ પાસે ઝડતી રૂમમાં જેલ સહાયક રૂતેશ ચૌધરી પાસે તમાકુની પડીકીઓ છે જેથી રૂતેશની તપાસ કરતા તેના અંડરવેયરમાં ગુપ્ત ભાગ પાસે સંતાડેલી ૧૧ તમાકુની પડીકીઓ મળી આવી હતી. જેલમાં પ્રતિબંધિત વસ્તુઓ લાવી કેદીને આપવાને લઈ રાણીપ પોલીસ સ્ટેશનમાં તેની સામે પ્રિઝન એક્ટ હેઠળ ગુનો નોંધવામાં આવ્યો છે.

## કંગના જયાના પડકારરૂપ રોલમાં નજરે પડશે

# જયા પરની બાયોપિક ફિલ્મ ૨૬ જુને રજૂ કરાશે : રિપોર્ટ

મુંબઈ,તા. ૧૨

કંગના રાણાવતને તમિળનાડુના પૂર્વ મુખ્યપ્રધાન જયલલિતાની લાઈફ પરની ફિલ્મ થલાઈવીમાં કામ કરવા માટે ખુબ મહેનત કરવાની ફરજ પડી છે. આ ફિલ્મનુ શુટિંગ હવે પૂર્ણ થવા આવ્યુ છે. ફિલ્મમાં કંગના જયલલિતાના રોલમાં નજરે પડી રહી છે. ફિલ્મને ૨૬મી જુનના દિવસે રજૂ કરવામાં આવનાર છે. ફિલ્મમાં અરવિન્દ સ્વામી તેની સાથે નજરે પડનાર છે. ફિલ્મમાં કામ કરવા માટે કંગનાને રેકોર્ડ વિક્રમી રકમ મળી છે. તે હવે તમિળનાડુના મુખ્યપ્રધાન જયલલિતાના બાયોપિકમાં કામ કરવા માટે ૨૪ કરોડ રૂપિયાની જંગી ફી લઈ ચુકી છે. જયલલિતાની બાયોપિક ફિલ્મમાં કામ કરવા માટે તે તૈયાર થઈ ગયા બાદ આને લઈને નવી અટકળો શરૂ થઈ ગઈ છે. આ ફિલ્મ તમિળમાં થલાયવી અને હિન્દીમાં જયા નામથી બનાવવામાં આવનાર છે. આ ફિલ્મ બે ભાષામાં બની રહી છે. ફિલ્મ સાથે જોડાયેલા નિર્માતા માને છે કે કંગના રાણાવત સુપરસ્ટાર અને સ્ટાર પાવર ધરાવે છે જેથી તેની ફિલ્મ દેશમાં ચારેબાજુ ચાહકો જોશે. એક બાબત તો પહેલાથી જ જાણીતી



રહી છે કે જ્યારે પણ ઉત્તર ભારતના કોઈ કલાકારો સાઉથની ફિલ્મમાં કામ કરે છે ત્યારે તેમની સાથે ત્યાંના કલાકારો પણ હોય છે. પરંતુ આ ફિલ્મમાં લીડ રોલમાં માત્ર કંગના રાણાવત જ કામ કરી રહી છે. સમગ્ર ફિલ્મ તેના પર આધારિત રહેનાર છે. ફિલ્મના નિર્માતા દ્વારા પહેલાથી જ ફિલ્મને લઈને કોન્ટ્રાક્ટ પર સાઈન કરી લેવામાં આવ્યા છે. કંગના ભારતીય ફિલ્મ ઈન્ડસ્ટ્રીઝમાં હવે સૌથી વધારે ફી લેનાર સ્ટાર તરીકે બની ગઈ છે. આ ફિલ્મનુ નિર્દેશન એએલ વિજય કરી રહ્યા છે. ફિલ્મના પટકથાકાર બાહુબલી ફિલ્મની પટકથા લખનાર વિજેન્દ્ર પ્રસાદ છે. કંગના રાણાવતે આ અંગે પ્રતિક્રિયા આપતા કહ્યુ છે કે તે ફિલ્મનો હિસ્સો બનીને ભારે ખુશી વ્યક્ત કરી રહી છે. તેમની સાથે કામ કરવાને લઈને ગર્વની લાગણી થઈ રહી છે. કંગના રાણાવતે આ ફિલ્મના સંબંધમાં પ્રતિક્રિયા આપતા કહ્યુ છે કે જયલલિતા અમારા દેશમાં સફળ રાજનેતા તરીકે રહ્યા હતા. જયલલિતા પોતાના સમયમાં સુપરસ્ટાર અભિનેત્રી હતા સાથે સાથે જ્યારે રાજકારણમાં આવ્યા ત્યારે દશકો સુધી તમિળનાડુમાં સફળ રાજનેતા તરીકે રહ્યા હતા. તેમના અવસાન બાદ તમિળનાડુની રાજનીતિમાં ખાલી થયેલી જગ્યા કોઈ ભરી શકે તેમ નથી. કંગના રાણાવત ફિલ્મમાં જયલલિતાના રોલને અદા કરનાર છે. કંગના એક્ટિંગના કારણે માત્ર બોલિવુડમાં જ નહીં બલ્કે દુનિયાભરમાં જાણીતી રહી છે. તેની તમામ ફિલ્મો બોક્સ ઓફિસ પર રેકોર્ડ સફળતા હાંસલ કરી રહી છે. ઝાંસીની રાણી પર બનેલી મણિકર્ણિકા ફિલ્મને બોક્સ ઓફિસ પર રેકોર્ડ સફળતા મળ્યા બાદ તે બીજી બાયોપિક ફિલ્મ કરવા જઈ રહી છે. ઝાંસીની રાણીનો યાદગાર રોલ અદા કર્યા બાદ હવે કંગના રાણાવત લોકપ્રિય રાજકારણી જયલલિતા પર બનવા જઈ રહેલી ફિલ્મમાં કામ કરવા જઈ રહી છે.

## કંગનાને ફિલ્મમાં કામ કરવા માટે મળેલી વિક્રમી રકમ

## ફિલ્મ આઠમી જાન્યુઆરીના દિવસે રજૂ કરાશે

# આલિયા હવે રામ ચરણ અને જુનિયર એનટીઆર સાથે હશે



મુંબઈ,તા. ૧૨

લોકપ્રિય એસએસ રાજામૌલીની આગામી નિર્દેશન હેઠળની ફિલ્મમાં આલિયા ભટ્ટને લેવામાં આવી હોવાના હેવાલ મળ્યા બાદ હવે શુટિંગ ઝડપથી જારી છે. ફિલ્મનો આઠમી જાન્યુઆરી ૨૦૨૧ના દિવસે રજૂ કરવામાં આવનાર છે. બે હિરોની પિરિયડ ડ્રામાવાળી ફિલ્મ આરઆરઆર હવે એસએસ રાજામૌલી બનાવી રહ્યા છે. ફિલ્મમાં જુનિયર એનટીઆર અને રામચરણ અદા કરી રહ્યા છે. ૧૪મી માર્ચના દિવસે જાહેરાત કરવામાં આવી હતી કે ફિલ્મમાં અજય દેવગન અને આલિયા ભટ્ટ કામ કરનાર છે. ફિલ્મમાં જુનિયર એનટીઆર અને રામ ચરણની મુખ્ય ભૂમિકા છે. આલિયા ભટ્ટ ફિલ્મમાં સીતા નામની ભૂમિકા અદા કરનાર છે. ઘટનાક્રમ અંગે માહિતી ધરાવનાર લોકોનુ કહેવુ છે કે રામચરણ તેજા સાથે જુનિયર એનટીઆરની ભૂમિકાથી તમામ લોકો રોમાંચિત થઈ જશે. આલિયા ભટ્ટ રામચરણની સાથે જોડી જમાવનાર છે. જ્યારે સ્ટોરી મહત્વપૂર્ણ તબક્કામાં પહોંચી જશે ત્યારે ફિલ્મમાં સિતા તરીકેની ભૂમિકા અદા કરનાર આલિયા ભટ્ટની એન્ટી થનાર છે. બીજી બાજુ ફિલ્મમાં અજય દેવગનની સારી ભૂમિકા રહેલી છે. તે સ્વતંત્ર સેનાનીની ભૂમિકામાં નજરે પડનાર છે. નોર્થ ઈન્ડિયન ફ્રીડમ ફાઈટરની ભૂમિકામાં તે દેખાશે. તે ફ્લેશબેક એસિસોડમાં નજરે પડનાર છે. આ ફિલ્મ બે રિયલ લાઈફ ફાઈટર સાથે નજરે પડનાર છે. ફિલ્મ હૈદરાબાદ અને દિલ્હીમાં બનનાર છે. રામચરણ તેજાના ફાઈટિંગ સીનનુ હાલમાં શુટિંગ કરવામાં આવ્યુ હતુ. રામચરણ અને જુનિયર એનટીઆર બંને જોરદાર રોલમાં ફિલ્મમાં નજરે પડનાર છે.

ફિલ્મ સુપરહિટ સાબિત થનાર છે. એક્શન ફિલ્મની ઉત્સુકતા વધી ગઈ છે.

## પિરિયડ ડ્રામા ફિલ્મ બોક્સ ઓફિસ પર સુપરહિટ રહેશે

## તડપ નામની ફિલ્મ રોમેન્ટિક એક્શન રહેશે

# તારા સુતરિયા નવી ફિલ્મમાં અહાન શેટ્ટીની સાથે ચમકશે

મુંબઈ,તા.૧૨

બોલિવુડમાં સ્ટાર કિડ્સની એન્ટ્રીનો દોર જારી રહ્યો છે. વિતેલા વર્ષોના તમામ લોકપ્રિય સ્ટારના બાળકો બોલિવુડમાં એન્ટ્રી કરી રહ્યા છે. હવે એક્શન સ્ટાર સુનિલ શેટ્ટીના પુત્ર અહાન શેટ્ટી પણ એન્ટ્રી કરવા જઈ રહ્યો છે. સુનિલ શેટ્ટીની પુત્રી પહેલાથી જ બોલિવુડમાં પ્રવેશ કરી ચુકી છે. હવે પુત્ર પણ એન્ટ્રી કરવા જઈ રહ્યો છે. પ્રાપ્ત અહેવાલ મુજબ તડપ નામની એક્શન રોમેન્ટિક ફિલ્મમાં તેની સાથે તારા સુતરિયા નજરે પડનાર છે. તેને વધુ એક સારી ફિલ્મ હાથ લાગી ગઈ છે. તારા ફિલ્મ તડપમાં કામ કરવા જઈ રહી છે. આ ફિલ્મ એક લવ સ્ટોરી ફિલ્મ છે. ફિલ્મના નિર્દેશન તરીકેની જવાબદારી સંભાળી રહેલા મિલન લુથરિયાએ કહ્યુ છે કે પટકથા ખુબ રોમાંચક રાખવામાં આવી રહી છે. લોકો ફિલ્મની પટકથાથી રોમાંચિત થઈ જશે. તેમનુ કહેવુ છે કે તારા અને અહાનને રિહર્સલ કરતા તેઓ જોઈ ચુક્યા છે. જેથી દાવા સાથે કહી શકે છે કે આ જોડી જાદુ જગાવશે. તેમની વચ્ચે જોરદાર કેમિસ્ટ્રી રહેલી છે. અમે હવે આ ફિલ્મના શુટિંગ માટે સંપૂર્ણપણે તૈયાર છીએ. હાલમાં આ ફિલ્મ પ્રી પ્રોડક્શન દોરમાં છે. ફિલ્મના અન્ય કલાકારો પસંદ કરવામાં આવી રહ્યા છે. ટુંક સમયમાં જ વે શુટિંગ શરૂ કરવામાં આવનાર છે. ફિલ્મના એક્શન સીન માટે અહાન ખુબ મહેનત કરી રહ્યો છે. ફિલ્મમાં કામ કરવા માટે તારા તૈયાર થયા



બાદ હવે કોઈ પણ સમય શુટિંગને શરૂ કરવામાં આવનાર છે. તારા ફિલ્મ ઈન્ડસ્ટ્રીઝમાં એક કુશળ સ્ટાર તરીકે ઉભરી રહી છે. અહાન કેરિયરને લઈને આશાવાદી છે.

## ખુબસુરત તારા સુતરિયા વધુ એક મોટી ફિલ્મમાં : રિપોર્ટ

### કોંગ્રેસના તમામ ધારાસભ્યો સંપૂર્ણપણે અકબંધ છે : શૈલેષ પરમાર

# ભાજપ સાથે કોઇ સભ્યો સંપર્કમાં હોવાના હેવાલોને કોંગ્રેસનો રદિયો

## ગુજરાતમાં રાજ્યસભાની ચૂંટણીને લઈ કોંગ્રેસ પણ આક્રમક મૂડમાં : ચૂંટણીને લઈને ભાજપ-કોંગ્રેસ દ્વારા આક્ષેપ પ્રતિઆક્ષેપ : અટકળો-અફવાઓનો દોર



અમદાવાદ,તા.૧૨

ગુજરાતમાં રાજ્યસભાની ચૂંટણીને લઈને રાજકીય ગરમી વધી ગઈ છે. આક્ષેપ પ્રતિઆક્ષેપનો દોર ચાલી રહ્યો છે. રાજ્યસભાની ચાર બેઠકોને લઈને ભાજપ અને કોંગ્રેસ વચ્ચે જોરદાર જંગ ખેલાય તેવી શક્યતા દેખાઈ રહી છે.

કોંગ્રેસના કેટલાક સભ્યો ભાજપના સંપર્કમાં હોવાની આશંકા વચ્ચે આજે કોંગ્રેસ તરફથી સ્પષ્ટતા કરવામાં આવી હતી. કોંગ્રેસના વિધાનસભા દંડક શૈલેષ પરમારે કહ્યું છે કે, કોંગ્રેસના ધારસભ્યો બિલકુલ અકબંધ છે. સંખ્યાબળ ૭૪નું છે અને છેલ્લે સુધી ૭૪નું જ રહેશે.

શૈલેષ પરમારનું કહેવું છે કે, તમામની ઈચ્છા હોય છે પરંતુ હાઈકમાન્ડ દ્વારા ઉમેદવારના સંદર્ભમાં અંતિમ નિર્ણય કરવામાં આવશે. ટૂંકમાં જ જાહેરાત પણ થશે. બીજી બાજુ ભાજપે રાજ્યસભાની ચૂંટણી માટે તેના બે ઉમેદવારના નામ જાહેર કરી દીધા છે જે પૈકી અભય ભારદ્વાજ અને રમીલાબેન બારાના નામ જાહેર થઈ ચુક્યા છે. કોંગ્રેસ તરફથી હજુ નામની જાહેરાત કરવામાં આવી નથી. કોંગ્રેસ તરફથી રાજ્યસભાની ચૂંટણીને લઈને ગુપ્તતા રાખવામાં આવી રહી છે. રાજ્યસભાની ચૂંટણીને લઈ કોંગ્રેસ અને ભાજપના ધારાસભ્યો સતત નિવેદન કરી રહ્યાં છે, જેને લઈ બંને પક્ષે રાજકારણ ગરમાયું છે. ખાસ કરીને બંને પક્ષના નેતાઓના નિવેદનોની સાથે સાથે અફવા અને આક્ષેપોનું પણ બજાર ગરમ છે, તેમાં પણ ભાજપ દ્વારા કોંગ્રેસના ધારાસભ્યો તોડવાની ચર્ચા શરૂ થતા કોંગ્રેસ ધારાસભ્યોને ભાજપમાં જતા બચાવવા મેદાને પડી છે. આ ઘટનાક્રમ વચ્ચે આજે વિધાનસભામાં કોંગ્રેસના દંડક શૈલેષ પરમારે આજે સ્પષ્ટ કર્યું હતું કે, કોંગ્રેસના ધારાસભ્યો અકબંધ છે. અમને કોઈ ઓફરો થઈ નથી, હું કોઈ જ્યોતિરદિત્ય સિંધિયા નથી કે એમની જેમ પાર્ટી છોડી દઉં. રાજ્યસભાની ચૂંટણીમાં ભાજપની તોડજોડની નીતિ કામ લાગશે નહીં. અમારું સંખ્યાબળ કોંગ્રેસ અને એક અન્ય મળી કુલ ૭૪નું છે અને તે અકબંધ રહેશે. ગુજરાતમાં આગામી તા. ૨૬ માર્ચે યોજાનારી રાજ્યસભાની ચાર બેઠકને લઈ ભાજપ અને કોંગ્રેસ વચ્ચે હોર્સ ટ્રેડીંગ જેવી સ્થિતિ ઉભી થઈ છે અને કોંગ્રેસના કેટલાક ધારાસભ્યો ભાજપના સંપર્કમાં હોવાની આશંકા વ્યક્ત કરવામાં આવી રહી છે. જો કે કોંગ્રેસના ધારાસભ્યો આ વાતને સમર્થન આપતાં નથી. બીજી તરફ ભાજપ તોડજોડની નીતિ અપનાવતો હોવાનું ખુદ કોંગ્રેસના ધારાસભ્યો જ નિવેદનબાજી કરી રહ્યા છે. તો, ભાજપના જ કેટલાક નેતાઓએ રાજ્યસભાની ચૂંટણીને લઈ થોડા દિવસ અગાઉ જ કોંગ્રેસના ધારાસભ્યોને ભાજપમાં આવવા ખુલ્લુ આમંત્રણ પાઠવ્યું હતું. આમ, રાજ્યસભાની ચૂંટણીને લઈ ભાજપ અને કોંગ્રેસમાં સત્તાનું રાજકારણ ગરમાયુ છે રાજ્યસભાની ચૂંટણી બંને પક્ષ માટે પ્રતિષ્ઠાનો સવાલ છે. હાલની સ્થિતિ જોતાં ભાજપ અને કોંગ્રેસ બંને બે-બે બેઠકો પર જીતનો દાવો કરી રહી છે પરંતુ ભાજપ તડજોડની કૂટનીતિ મારફતે વધુ એક બેઠક કોંગ્રેસ પરથી આંચકવાની ફિરાકમાં હોવાની પણ ચર્ચા રાજકીય ગલિયારામાં ચાલી રહી છે. જેથી કોંગ્રેસ પણ તેના ધારાસભ્યોને બચાવવાની ડિફેન્સ નીતિ સાથે ફુંકી ફુંકીને પગલા ભરી રહી છે.



૧૨મી માર્ચના દિવસે દાંડીયાત્રા દિવસે ગાંધીઆશ્રમથી દાંડીયાત્રા નિકળી હતી.

### સ્ટંટ કરતાં યંગસ્ટર્સ માટે ચેતવણીરૂપ કિસ્સો

# હાઈવે ઉપર સ્ટંટ કરતાં બે બાઈક સવારના મોત થયા

## બે બાઈકર્સના અકસ્માતમાં મોત થયાનો વિડિયો વાયરલ થયો : ખતરનાક સ્ટંટ વિડિયોની પોલીસે શરૂ કરેલી તપાસ

અમદાવાદ,તા. ૧૨

જાહેરમાં માર્ગો પર જોખમી સ્ટંટ કરતાં યંગસ્ટર્સ માટે ચેતવણીરૂપ કિસ્સો રાજકોટમાં સામે આવ્યો છે. રાજકોટ પડધરી હાઈ વે પર રાત્રિના સમયે બાઈકર્સ સ્ટંટ કરતા હોવાનો વીડિયો વાઈરલ થયો છે. બાઈક પર સૂતા સૂતા બાઈક ચલાવીને જતાં બે બાઈકર્સ ટકરાયા બાદ મોતને ભેટ્યા હોય તેવો વીડિયો અને ફોટો વાઈરલ થયા છે.

જેને પગલે સમગ્ર પંથકમાં ભારે ચકચાર મચી ગઈ હતી. પોલીસે હવે સ્ટંટના આ વીડિયોને લઈ ઝીણવટભરી તપાસ શરૂ કરી છે. અમદાવાદ શહેર સહિત રાજયભરમાં જાહેર માર્ગો પર બાઈક અને વાહનો પર ઘણા યુવાનો ખુલ્લેઆમ જોખમી સ્ટંટ કરતા હોય છે અને જાણે પોતે કોઈ પરાક્રમ કે શૂરવીરતાનું કામ કરી રહ્યા હોય તેવો રોફ મારતા હોય છે, આવા કંઈક કેટલાય અનેક વીડિયો સોશ્યલ મીડિયામાં અગાઉ વાયરલ થયેલા છે પરંતુ ઘણીવાર આવા જોખમી સ્ટંટ બહુમૂલ્ય માનવ જીવનનો ભોગ લઈ લેતા હોય છે અને પછી તેમના પરિવાર અને સ્વજનો પર શું વીતતી હોય છે તેનું વર્ણન કરવું પણ કદાચ શકય નથી હોતું. ઘણીવાર આવા જોખમી સ્ટંટમાં યંગસ્ટર્સ ગંભીર અકસ્માતનો ભોગ બનતા હોય છે અને આખી જીંદગી હાથ-પગ કે શરીરના અંગો ગુમાવવા સાથે પીડાદાયક જીંદગી જીવવાનો વારો આવતો હોય છે ત્યારે આવા જોખમી સ્ટંટ કરતા યંગસ્ટર્સ માટે ચેતવણીરૂપ કિસ્સો રાજકોટમાં સામે આવ્યો છે. જામનગર રોડના નામે વાઈરલ થઈ રહેલા વીડિયો લગભગ એક બે દિવસ અગાઉનો પડધરી રાજકોટ હાઈ વેનો હોવાની શકયતા વ્યક્ત કરવામાં આવી રહી છે. કારમાં બેસીને ઉતારવામાં આવેલા આ વીડિયોમાં બાઈકર્સ જાનના જોખમે બાઈક પર સૂતા સૂતા બાઈક ચલાવે છે.

બાદમાં બાઈક પર બેઠા થતી વખતે આગળ જતાં બાઈકર્સ સાથે અન્ય બાઈકર્સ અથડાય છે અને તે દરમ્યાન એક્સિડન્ટ સર્જાયો હોય તેમ માનવામાં આવે છે. જો કે આ પ્રકારના અકસ્માતની નોંધ પોલીસમાં થઈ નહી હોવાથી વાઈરલ થઈ રહેલા વીડિયો અંગે હવે પોલીસે વધુ તપાસ હાથ ધરી છે. ખાસ કરીને બાઈકસવાર બે યુવકોના આ અકસ્માતમાં નીપજેલા મોતને લઈ ભારે ચકચાર મચી ગઈ હતી.

### બંને આજે ઉમેદવારીપત્ર દાખલ કરવા તૈયાર

# શક્તિસિંહ અને ભરતસિંહ કોંગ્રેસના ઉમેદવાર ઘોષિત

## ભારે ગુપ્તતા સાથે કોંગ્રેસના ઉમેદવાર : અંદરખાને નિર્ણયો

અમદાવાદ,તા.૧૨

રાજ્યસભાની ચૂંટણી માટે અટકળોનો દોર વચ્ચે આજે કોંગ્રેસ તરફથી પણ બે ઉમેદવારના નામજાહેરા કરી દેવામાં આવ્યા હતા જેના ભાગરુપે કોંગ્રેસ તરફથી શક્તિસિંહ અને ભરતસિંહના નામની જાહેરાત કરવામાં આવી હતી. આ બંને આવતીકાલે ઉમેદવારી પત્ર ભરવાના છેલ્લ દિવસે ઉમેદવારી નોંધાવશે. ઉમેદવારને લઈને પસંદગી માટે જોરદાર કવાયત ચાલી રહી હતી. જુદા જુદા નામ ઉપર ચર્ચાઓ ચાલી રહી હતી. રાજ્યસભાની ચૂંટણી માટે ઉમેદવારોની નોંધાવવા આવતીકાલે ફોર્મ ભરવાનો છેલ્લો દિવસ છે. કોંગ્રેસના ધારાસભ્યો ઋત્વિક મકવાણા, બળદેવજી ઠાકોર સહિતના નેતાઓ અને આગેવાનોએ પ્રદેશ કોંગ્રેસ કચેરી પહોંચી પ્રદેશ કોંગ્રેસ પ્રમુખ અમિત ચાવડાને મળીને ઉમેદવાર સંદર્ભે રજૂઆત કરી હતી. સાથે સાથે બહારના ઉમેદવારને લઈ બળાપો ઠાળવ્યો હતો. સાથે સાથે રાજીવ શુકલા જેવા બહારના ઉમેદવારને બદલે ગુજરાતના સ્થાનિક ભરતસિંહ સોલંકી સહિતના સિનિયર નેતાઓને રાજયસભાની ઉમેદવારી આપવા ઉગ્ર માંગણી કરવામાં આવી હતી. આમ, કોંગ્રેસમાં ફરી એકવાર આંતરિક નારાજગીનો સૂર સામે આવ્યો હતો. કોંગ્રેસમાં નારાજગીના સૂર સામે આવ્યા બાદ ગુજરાત કોંગ્રેસના મોવડી મંડળ દ્વારા કોંગી હાઈકમાન્ડ, દિલ્હી સમક્ષ પણ આ મામલે ધ્યાન દોરી રજૂઆત કરવામાં આવી હતી. આખરે મોડી સાંજે ઉમેદવારના નામ જાહેર કરવામાં આવ્યા હતા. રાજયસભાની ચૂંટણી માટે તા.૬ માર્ચથી ૧૩ માર્ચ સુધી ઉમેદવારી ફોર્મ ભરી શકવાનો સમયાગાળો નિયત કરાયો છે. જ્યારે તા.૧૬ માર્ચે ફોર્મની ચકાસણી થશે અને તા.૧૮ માર્ચ સુધીમાં ઉમેદવારી ફોર્મ પાછા ખેંચી શકાશે. ત્યારબાદ તા.૨૬ માર્ચે સવારના ૯-૦૦ વાગ્યાથી ૪-૦૦ વાગ્યા સુધી રાજયસભાની ચાર બેઠકો માટેનું મતદાન યોજાશે.

### નિલય હત્યાઓ માટે ખુબ જ કુખ્યાત ગણાય છે

# છેલ્લા ૧ વર્ષથી ફરાર રહેલા સિરિયલ કિલરની અટકાયત

## છની કરપીણ હત્યા કરવાના મામલામાં આજીવન કેસની સજા કરાઈ હતી : ફરી ઝડપાયા બાદ ગુનાના ભેદ ઉકેલાશે



અમદાવાદ : છેલ્લા એક વર્ષથી પેરોલ જમ્પ કરી ફરાર સિરીયલ કિલર નિલેશ ઉર્ફે નિલયની રાજકોટ ક્રાઈમ બ્રાન્ચે ધરપકડ કરી લેતાં ભારે ચકચાર મચી ગઈ હતી. છેલ્લા એક વર્ષથી ભાગતો ફરતો નિલય બ્લેડથી હત્યા કરવાની ટેવવાળો છે અને તેણે આ પ્રકારે છ જેટલી હત્યાને અંજામ આપ્યો હતો. એટલું જ નહી, તે ૨૬ થી વધુ ગુનાઓમાં સંડોવાયેલો છે. સૌથી આશ્ચર્યજનક વાત એ છે કે, માત્ર રૂ.૫૦૦થી ૭૦૦ જેવી નજીવી રકમ માટે આ સાઈકીક સિરીયલ કિલર લોકોની હત્યા કરી નાંખતો હતો. તેના આ આ ગુનાહિત કૃત્યમાં ખુદ તેની પ્રેમિકાએ પણ સાથ આપ્યો હોવાની ચોંકાવનારી હકીકત સામે આવી હતી. રાજકોટમાંથી સિરીયલ કિલર નિલય મહેતા પેરોલ જમ્પ કરીને ફરાર થઈ ગયો અને છેલ્લા એક વર્ષથી તે નાસતો ફરતો હતો. નિલય મહેતા પર ૬ જેટલી હત્યાનો આરોપ છે. આરોપી રૂપિયા ૫૦૦થી ૭૦૦ જેવી નજીવી રકમ માટે આંખના પલકારામાં ગળું કાપીને ક્રૂર હત્યા કરતો હતો.

જેમાં તેણે રાજકોટમાં ચાર અને સુરેન્દ્રનગરમાં બે હત્યાને અંજામ આપ્યો હતો અને આ હત્યાના કેસમાં તે આજીવન કેદની સજા પણ ભોગવી રહ્યો હતો. જેમાં પેરોલ પર છૂટ્યા બાદ આરોપી ફરાર થઈ જતા પોલીસ દોડતી થઈ હતી, જો કે, એક વર્ષની ભારે મહેનત અને શોધખોળ બાદ સિરીયલ કિલરને ઝડપી લેવામાં પોલીસને સફળતા મળી હતી. સિરીયલ કિલરને પકડી પાડવા બદલ રાજકોટ પોલીસ કમિશનરે ક્રાઈમ બ્રાન્ચના પીએસઆઈ ધખડા અને ટીમને રૂ.૧૫ હજારનું ઈનામ જાહેર કર્યુ હતું. પીએસઆઈ પી.એમ ધાખડાએ જણાવ્યું હતું કે, સિરીયલ કિલર નિલય મહેતા અવારનવાર રાજકોટ ૮૦ ફૂટના રોડ પર કોઈને મળવા આવતો હતો. જેથી ત્રણ મહિનાથી તેને ટ્રેક કરતા હતા. બાતમી મળી હતી કે, તે રાજકોટ આવ્યો છે વોચ ગોઠવી પકડી લીધો હતો. અહીં હત્યા કરવાના ઈરાદો હતો કે અન્ય કારણ માટે અહીં આવ્યો હતો તે રિમાન્ડ દરમિયાન જાણવા મળશે.

ખૂંખાર સિરીયલ કિલર નિલયના પિતા રાષ્ટ્રીય શાળામાં ખાદી વિભાગમાં એકાઉન્ટન્ટ તરીકે નોકરી કરતા હતા. નિલય પણ મોહનદાસ ગાંધી વિદ્યાલયમાં ધોરણ-૧૦ સુધી ભણ્યો હતો. અભ્યાસમાં રૂચી ન હોવાથી ભણવાનું બંધ કરી સવારે અખબાર વિતરણ અને બાકીના સમયમાં વોચકેસના કારખાનામાં નોકરી શરૂ કરી. વોચ કેસના કારખાનામાં સાથે કામ કરતા હુસેન ભીખુભાઈ બેગ સાથે ગાઢ મિત્રતા થઈ હતી. હુસેનને કારખાનામાં સાથે કામ કરતા પરેશ રાઠોડ સાથે દુશ્મની હતી. મિત્ર હુસેનના ડખામાં નિલયે એક દિવસ પરેશને છરીના ઘા મારીને પૂરો કરી નાખ્યો. ૨૩ મહિનાના જેલવાસ પછી પૂરાવાના અભાવે તે નિર્દોષ છૂટી ગયો પરંતુ છૂટ્યા પછી તેણે વાહનચોરી શરૂ કરી અને દારૂ, ચરસના રવાડે ચડી ગયેલો નિલય સિરીયલ કિલર બની ગયો હતો.




ખૂબ ખૂબ
આભાર

- બેંકિંગ સેક્ટરમાં રહેલી ડિપોઝીટ પર ઇન્સ્યોરન્સ મર્યાદા રૂા. ૧ લાખથી વધારીને રૂા. ૫ લાખ કરવા માટે
- આવકવેરાનો દર ૩૩%નો હતો તેમાં ૧૧%નો માતબર ઘટાડો સહકારી ક્ષેત્ર માટે પણ ૨૨% કરી આપવા માટે
- સહકારી ક્ષેત્રમાં મૂડી ઉભી કરવા માટેની Scheme જાહેર કરવા માટે

માન. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી

તથા

માન. કેન્દ્રીય ગૃહમંત્રી શ્રી અમિતભાઈ શાહ નો

ગુજરાતની જીલ્લા સહકારી બેંકો, ગુજરાત અર્બન કો-ઓપરેટીવ બેંક્સ ફેડરેશન તેમજ

ધી ગુજરાત સ્ટેટ કો.ઓપ. બેંક લિ.ના બોર્ડ ઓફ ડીરેક્ટર્સ આભાર માને છે.

GSC BANK APEX BANK

ધી ગુજરાત સ્ટેટ કો.ઓપ. બેંક લિ.

(શીડ્યુલ્ડ એપેક્ષ બેંક)

શ્રી શંકરભાઈ એલ. ચૌધરી
વાઈસ ચેરમેન

તથા બોર્ડ ઓફ ડીરેક્ટર્સ

શ્રી અજયભાઈ એચ. પટેલ
ચેરમેન